શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૯ • અંક-૮ • ઓગષ્ટ-૨૦૧૭
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-



મુનિમંડળ ભેળાં ઝીલે છે નીરમાં, રસિયો ઉછાળે જળ રંગમાં...

મ્યાનમાર ખાતે યોજાયેલ ઇન્ટર ફેઇથ સંવાદમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા વિવિધ ધર્માચાર્યો

બનાસકાંઠા પૂર હોનારતમાં અસરગ્રસ્તોને ફૂડપેકેટ વિતરણ કરતાં પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા ભક્તજનો

શ્રાવણ માસમાં યોજાયેલ શિવકથામાં ઉપસ્થિત ભક્તજનો, વક્તાશ્રી તથા શિવજીનો અભિષેક કરતા બહેનો, સવાનાહ ગુરુકુલ

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૯, ઓગષ્ટ : ૨૦૧૭, અંક : ૮

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર : જી. વિઝન

છુટક અંક	: રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ આંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

તેરે કાજ કનૈયા લાલ...

તેરે કાજ કનૈયા લાલ,
ફીરું મેં તો બાવરી;
પિયા છેલ ચતુર ઘનશ્યામ,
મેરે ઘરું આવરી. તે૦ ટેક.
મોહન વદન દેખાય કે,
પ્યારે અબ નહિ રહના દૂર;
બિન દેખે મોરે બાલમા,
મેં તો જોગન હોઉંગી જરૂર. ફીરું૦ ૧
મનભાવન તેરી મૂરતિ,
મેં તો સમરું શ્વાસોચ્છ્વાસ;
કહાનકુંવર તેરે કારણે,
મેં તો કરી હું જંગલવાસ. ફીરું૦ ૨
છોડ દિયા સંસાર કું,
તેરી નટવર છબી કું દેખ;
બ્રહ્માનંદ કહે સાંવરે,
મેં તો જોગન પેરું ભેખ. ફીરું૦ ૩

- સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી

૪૧મા જ્ઞાનસત્ર પ્રસંગે

જ્ઞાનસત્રની પ્રસાદી

(પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના કથામૃતમાંથી સંકલિત અમૃતબિંદુઓ)

ભક્તિમાર્ગ રાજમાર્ગ છે. રાજમાર્ગે ચાલનાર ક્યારેય લૂંટાતો નથી. જ્ઞાનમાર્ગે ચાલનાર લૂંટાય ત્યારે કશું જ બચતું નથી, જ્યારે ભક્તિમાર્ગે ચાલનારને લૂંટનાર પણ ભક્તિથી રસતરબોળ થઈ જાય છે.

જે ભક્ત માયાના આવરણના પડ તોડી ભગવાનનું વરણ કરે છે તે ભક્તનો ભગવાન સ્વીકાર કરે છે અને નિર્ભય બનાવી દે છે.

માયાના અંધકારને કાપવો ખૂબ કઠણ છે, પરંતુ ભગવાન અને સંતની કૃપા થાય તો એ અંધકાર તત્કાળ નાશ પામે છે.

ધ્યેયને મૂકીને સાધન મુખ્ય થઈ જાય છે ત્યારે સાધક સાધનાપંથથી ભટકી જાય છે.

બ્રહ્મરૂપ થવું કઠણ છે. બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવા કરવી પણ કઠણ છે, પરંતુ કૈંકર્ય પ્રાપ્ત કરી ભગવાન અને ભગવાનની સેવા કરવાનો બ્રહ્મરૂપ થવા જેટલો જ મહિમા છે.

જ્ઞાન પ્રગટવાના કે પ્રાપ્ત કરવાના કોઈ સીમાડા હશે, પરંતુ ભક્તિમાર્ગમાં નાત-જાત-ધર્મ વગેરેના કોઈ ભેદ અડચણરૂપ થતા નથી.

દરેક જીવ-પ્રાણીમાત્ર શ્રદ્ધા તથા નિષ્ઠાથી ભરેલા હોય છે, પરંતુ એ શ્રદ્ધા અને નિષ્ઠાને યોગ્ય દિશા આપનાર સદ્‌ગુરુ મળી જાય તો જીવનો બેડો પાર થઈ જાય.

ભક્તિ કરે એનું કલ્યાણ થાય, પરંતુ ભક્તિ કરનાર ભક્તનું દર્શન પણ કલ્યાણકારી છે.

ભગવાનના નામનો જપ જેમનો ખોરાક હોય, ભગવાનની મૂર્તિ જેમના પ્રાણ હોય, ભગવાનની ઉપાસના જેમના શ્વાસ હોય એવા મનુષ્યને જગતના કોઈ પણ પ્રકારના તોફાનો પોતાના ધ્યેયમાંથી ડગાવી શકતા નથી.

ભગવાન શ્રીહરિનો મહિમા હશે તો પ્રેમ વધશે, પ્રેમ વધશે તો જ મૂર્તિમાં વૃત્તિ સ્થિર થશે. જ્યારે મનની વૃત્તિ મૂર્તિમાં સ્થિર થાય ત્યારે ધ્યાનની શરૂઆત થાય છે.

ધ્યાન-ભજન-ઉપાસના-સાધનાની શરૂઆત ભારે પીડાદાયક હોય છે, પરંતુ ત્યાર પછીની અવસ્થા ખૂબ સુખ આપે છે.

જપ, તપ, તીર્થ, વ્રત વગેરે ભગવાનની પ્રસન્નતા માટે કરવા, લૌકિક સુખ ખાતર કરેલી સાધના અખંડ સુખ આપતી નથી.

ભક્તિ બે પ્રકારની હોય છે - સકામ અને નિષ્કામ. સકામ ભક્તિ સહજ હોય છે, જ્યારે નિષ્કામ ભક્તિ પરિપક્વ થયે આવતી હોય છે. સકામ ભક્તિ સુખપૂર્વક જીવવા જરૂરી છે, જ્યારે નિષ્કામ ભક્તિ સુખપૂર્વક મરવા માટે જરૂરી છે. સકામ ભક્તિ મોટા મોટાઓએ પણ કરી છે, પરંતુ નિષ્કામ ભક્તિનું ફળ ખૂબ મોટું છે.

માગવું તો એક ભગવાન પાસે. પુરુષોત્તમ નારાયણના ઉપાસક થઈને જ્યા-ત્યાં હાથ ફેલાવતો ફરે ત્યારે શ્રીહરિને શરમ આવે છે. માટે સર્વ આધારના આધારનું શરણું રાખવું. ચક્રવર્તી સમ્રાટની રાણી થઈ જ્યાં-ત્યાં ભીખ માગતી ફરે એના ઉપર રાજાનો રાજીપો ન ઉતરે.

સત્સંગી થવું-હરિભક્ત થવું સરળ છે, પરંતુ સત્સંગીના સત્સંગી - ભક્તના પણ ભક્ત થઈ દાસભાવે સેવા કરવી ખૂબ કઠણ છે. જ્યાં સુધી દાસત્વ પ્રગટતું નથી, ત્યાં સુધી સાધનાનો પરિપાક આવતો નથી.

સંસારના વ્યવહારો - સંબંધો સારા હશે તો બંધન થશે. જો એ સંબંધો નરસા હોય તો ભગવાનનો ઉપકાર માની ભક્તિમાર્ગે આગળ વધતા રહેવું, ફરિયાદી જીવન ન જીવવું.

શ્રીફળની અંદર રહેલ પાણી સુકાય ત્યારે કોપરું અને કાચલી છૂટા પડી જાય છે, એમ જ વાસનામય કારણ શરીર નાશ પામે ત્યારે જ સ્થૂળ અને સૂક્ષ્મ શરીરના બંધનોથી જીવ મુક્ત બની જાય છે.

વાસનામય શરીરને (કારણ શરીરને) નાશ કરવાનો શ્રેષ્ઠ ઉપાય ભગવાન અને ભગવાનના ભક્તની મહિમા સહિત સેવા છે. જ્યાં સુધી મહિમા ન સમજાય ત્યાં સુધી

જીવમાં બળ ન આવે, માટે દેહ અને દેહના સંબંધીઓમાં જેટલી પ્રીતિ - મહિમા છે તેટલો જ સંતો-ભક્તોને વિશે થશે અને સેવા થશે ત્યારે વાસના નાશ પામશે.

❋ નિષ્કામ ભક્ત ઉપર ભગવાન અઢળક ઢળી જાય છે, ભક્તને વશ થઈ જાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે ભગવાન ધારે તો પણ એ ભક્તની કેદમાંથી છૂટી શકતા નથી.

❋ કોઈએ પોતાના ઉપર ઉપકાર કર્યો હોય એ ઉપકારને ભૂલી જવો એ કૃતઘ્નીપણું છે. પંચ મહાપાપ કરતાં પણ કૃતઘ્નીપણું મહાપાપ છે.

❋ ધર્મના ક્ષેત્રમાં મોટા ભાગના લોકો બાહ્ય આડંબરથી અંજાઈ જતા હોય છે. અંતરની આંખ ખૂલ્યા સિવાય સાચા-ખોટાના ભેદ પરખાતા નથી. બહારનો આટાટોપ દેખીને દુનિયા ઝૂકી જાય છે, ભોળા લોકો છેતરાય છે અને પુણ્યને નામે આડકતરી રીતે પાપના ભાગીદાર બને છે. માટે કલ્યાણ ઇચ્છનારે ચારે તરફથી તપાસ કરી સદ્‌ગુરુને ચરણે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવું અને એકવાર સમર્પણ કર્યા પછી વારંવાર ઉત્થાન ન થવા દેવાય.

❋ ગમે તેવો દુરાચારી હોય, પણ જો અનન્યભાવે ભગવાનનો આશ્રય કરે તો એ જ પળે એ પવિત્ર સંત બની જાય છે. એના સર્વ પાપ નાશ થઈ જાય છે, કારણ કે ભગવાનની શરણાગતિ સર્વ પાપોનો નાશ કરનારી છે.

❋ મુમુક્ષુનું ધ્યેય બ્રહ્મ નથી, પરબ્રહ્મ છે. બ્રહ્મ ગમે તેટલું મહાન હોય પરંતુ પરબ્રહ્મની પાસે એની કાંઈ ગણતરી નથી. બ્રહ્મ તો પરબ્રહ્મનું સેવક છે. એટલે જ વેદો પરબ્રહ્મને 'અક્ષરાત્ પરતઃ પરઃ' અર્થાત્ સર્વથી પર જે અક્ષર તેનાથી પણ પર પરબ્રહ્મ છે. માટે ઉપાસ્ય પરબ્રહ્મ છે, બ્રહ્મ નહીં.

❋ બ્રહ્મજ્ઞાનની મોટી મોટી વાતો કરવી, એ અલગ બાબત છે અને માયાના બંધનોથી મુક્ત થવું એ પણ અલગ બાબત છે. જે બ્રહ્મજ્ઞાન જીવનમાં ન ઊતરે એ બ્રહ્મજ્ઞાન આકાશમાં ભડાકા કરવા જેવું વ્યર્થ છે.

❋ સીંદરી બળી જાય છે પણ વળ છોડતી નથી, એ જ રીતે ચિત્તના સંસ્કારો નાશ પામ્યા પછી પણ એના અસ્તિત્વનો ભાસ રહ્યા કરતો હોય છે. યોગશાસ્ત્ર આને બાધિતાનુવૃત્તિ કહે છે.

❋ અધ્યાત્મમાર્ગનો આરંભ સદાચારથી થાય છે અને વિરામ અહંશૂન્ય સમાધિમાં થાય છે.

❋ કિનારે રહીને તો કોરા રહી શકાય, પરંતુ મઝધારમાં વહેવું ને કોરા રહેવું ભારે મુશ્કેલ છે. સંસાર છોડીને સાધના કરવી એ સરળ વાત છે, પરંતુ સંસારમાં રહીને વાસનારહિત વર્તવું, એ સાધારણ વાત નથી. ધરતી ઉપર આવા મહાપુરુષો વિરલ હોય છે.

❋ 'ભક્તિનો માર્ગ રસિકતાનો માર્ગ છે. આ મારગ ભારે લપસણો છે. આ માર્ગે ચઢ્યા છે કંઈક, પડ્યા છે અનેક.' રસિકમાર્ગમાં જાત-જાતની ભોગ-સામગ્રીનો જોગ છે. આ ભોગનો જોગ મુમુક્ષુના અંતરમાં રાગ પેદા કરે છે. વૈરાગ્યની વાડ્યમાં છીંડા પડે છે. પરિણામે હરાયા પશુ ખેતરનો મોલ ચરી જાય એમ ભક્તિનો કૂણો મોલ ખવાઈ જાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, 'ભગવાન સિવાય બીજે ક્યાંય પંચવિષય કે સ્ત્રીયાદિક પદાર્થમાં રસ ન જણાય તો જ રસિક માર્ગ સાચો કહેવાય.' ભાગવતજીમાં ગોપીઓના વચન છે, 'હે કૃષ્ણ ! તમારો સંગ થયા પછી અમને વિષયના સુખ વિષ જેવા લાગે છે.'

❋ આપણા સંપ્રદાયમાં સ્ત્રી-પુરુષ મર્યાદા સમજી શકાય તો એક વાત દીવા જેવી સ્પષ્ટ છે કે, આ મર્યાદા સ્ત્રીઓ પ્રત્યેના તિરસ્કારના પાયા ઉપર બંધાયેલ નથી, પરંતુ વિવેક અને સમજણના પાયા ઉપર બંધાયેલ છે. સ્ત્રી-પુરુષોના શીલ, સદાચાર અને સાધનાની સુરક્ષા માટે બંધાયેલ છે. અનેક ઋષિમુનિઓની પ્રાચીન કથાઓ, તત્કાલીન સમાજમાં ધર્મના નામે ચાલતા અનાચારો, ભક્તિના નામે થઈ રહેલા ભ્રષ્ટાચારો ભગવાન શ્રી સ્વામિનારાયણની નજર સમક્ષ હતા. પરિણામે સ્ત્રી અને પુરુષો વચ્ચે વિવેકપૂર્ણ મર્યાદાઓ બાંધવાનું એમને યોગ્ય લાગ્યું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણે બાંધેલી મર્યાદાઓને વ્યાપક અર્થમાં સમજવાની અને મૂલવવાની જરૂર છે.

❋ મોક્ષમાર્ગે ચાલનારા મુમુક્ષુ માટે ભવાટવીના ભોમિયા જેવા સદ્‌ગુરુનો સહારો આવશ્યક છે. મર્મી મહાપુરુષોની મદદ વગર મુમુક્ષુ પોતાની મંજિલને મેળવી શકતો નથી. સદ્‌ગુરુ રૂપી સુકાની સિવાય સંસારસાગર તરી શકાતો નથી. જેમ ખાણમાંથી નીકળેલા રફ હીરાને કુશળ કારીગર પ્રથમ પેલ પાડી કોઈ આભૂષણમાં જડે, એ જ રીતે સદ્‌ગુરુ શિષ્યના ચૈતન્યને શુદ્ધ કરે છે અને શ્રીહરિનાં ચરણોમાં સમર્પિત કરે છે.

❋ સદ્‌ગુરુ ગમે તેવા સમર્થ હોય, પરંતુ તેઓ એકાદ-બે સુપાત્ર શિષ્યોને જ સમાધિનો અનુભવ કરાવી શકે છે, પરંતુ પાત્ર કુપાત્ર જોયા સિવાય અનેક જીવોને સમાધિ કરાવી શકતા નથી, જ્યારે પરબ્રહ્મ પરમાત્મા પોતાની સ્વતંત્ર ઇચ્છાશક્તિથી પાત્ર હોય કે કુપાત્ર, બાળક હોય કે

અનુસંધાન પેજ નં. ૧૦ ઉપર...

સુખ-શાંતિનું સાચું સરનામું...

- સાધુ યજ્ઞવલ્લભદાસ

જગતમાં પ્રત્યેક મનુષ્ય સુખ ઝંખે છે, પરંતુ શાંતિ એ સુખની પૂર્વશરત છે.

શાંતિ અનેક પ્રકારની છે - દૈહિક શાંતિ, માનસિક શાંતિ, પારિવારિક શાંતિ, સામાજિક શાંતિ, રાષ્ટ્રીય શાંતિ.... વગેરે.

આ દરેક ઠેકાણા શાંતિથી ભરેલા હોય તો વ્યક્તિ, કુટુંબ, સમાજ કે દેશ સુખેથી રહી શકે છે. પરંતુ આ દરેક ઠેકાણા શાંતિયુક્ત હોય એ તો લાકડીના બે છેડા ભેગા કરવા જેવી વાત છે. જો લાકડીના બે છેડા ભેગા થાય તો આ પ્રત્યેક જગ્યાએથી શાંતિ પ્રાપ્ત થાય!

તો શું આખી જિંદગી અશાંતિથી ઘેરાયેલા રહેવું ? શાંતિની શોધમાં જ જીવન પૂરું કરી દેવું ? શું આ જગતમાં ખરી શાંતિ મળશે જ નહી ? આ દરેક પ્રશ્નનો ઉત્તર એક જ વાક્યમાં છે અને એ છે, 'મન શાંત તો બધું જ શાંત.' કદાચ ઉપર જણાવેલા દરેક ઠેકાણા શાંતિથી યુક્ત હોય, પણ જો મન અશાંત હશે તો ભીતર અશાંતિથી ભરેલું રહેશે.

માણસ અનાદિકાળથી શાંતિ શોધતો ફરે છે, પરંતુ પરિણામમાં અશાંતિ જ મળી છે. માણસે શોધ આદરી ધનવૈભવમાં, સત્તામાં, કીર્તિમાં, મોજ-શોખમાં, કુટુંબ-કબીલામાં... પરંતુ અંતતોગત્વા 'પાનીમે મીન પ્યાસી...' જેવી સ્થિતિ થઈને ઊભી રહી. જે પાણીથી આગ ઠારવી હતી એ જ પાણીમાં આગ લાગી અને શાંતિની લહેરોને બદલે અશાંતિની જ્વાળાઓ ઊઠી.

માણસે વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે હરણફાળ ભરી, સુખ-સમૃદ્ધિના અનેક આયામો ખડકી દીધા, દુનિયાને મુઠ્ઠીમાં ભરી દીધી, પરંતુ આ બધું કર્યા પછી શાંતિ તો મળી જ નહીં! જે સુખ-શાંતિને મેળવવા આ બધી જ માથાકુટ કરી હતી, એ મહેનત તો પાણીમાં ગઈ. કારણ કે સુખ-સમૃદ્ધિના સાધનો વધ્યા, સાથે સાથે મનની અશાંતિ પણ વધતી જ રહી.

ઘડિયાળના કાંટે ચાલતા માણસની સ્થિતિ યંત્રવત બની ગઈ, પછી એને ભોજનનો સ્વાદ કેમ આવે ? કાર્યના બોજા નીચે દબાયેલો વ્યગ્ર માણસ કટુંબીજનોના સ્મિતને કેમ માણી શકે ? ચિંતાગ્રસ્ત માણસને ઉષા અને સંધ્યાના રંગ નીરખવાનો આનંદ કેમ મળે ? માટે જ ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે,

''नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना।

न चाभावयतः शान्तिः अशान्तस्य कुतः सुखम्॥''

''જે પુરુષ સંયમી નથી તેને સ્થિર બુદ્ધિ હોતી નથી અને તેવા પુરુષને ભાવના એટલે કે નિષ્ઠા પણ હોતી નથી. જેને ભાવના નથી તેને શાંતિ નથી અને અશાંત પુરુષને સુખ ક્યાંથી હોય?''

ભગવાનના આ વચનને જોતાં સુખનો સંબંધ શાંતિ સાથે છે, શાંતિનો સંબંધ નિષ્ઠા અને સંયમ સાથે છે. ટૂંકમાં કહેવું હોય તો સંયમી માણસ વિવેક અને ભક્તિના સહારે શાંતિનો રાહ અપનાવીને સુખને પામે છે. આ પ્રમાણે પોતાનું જીવન જીવનાર માણસ જીવનયાત્રા દરમિયાન ખરા સુખને પામે છે.

બાહ્ય પદાર્થોની ઉપલબ્ધીમાં શાંતિ કે સુખ સમાયેલા નથી. જગતના અનેક પદાર્થો ખરીદી શકાય છે, પરંતુ શાંતિ ખરીદી શકાતી નથી. આજે દુનિયામાં જીવનના દરેક પાસાને સરળ કરનારા સાધનો વિકસ્યા છે. માણસ એક દિવસમાં આખી પૃથ્વીની પ્રદક્ષીણા કરી શકે છે, ઘરે બેઠા બેઠા દુનિયાના કોઈપણ છેડે બેઠેલા માણસ સાથે વાત કરી શકે છે. પોતાના ઘર પણ સંપૂણ સુખ-સગવડતાથી ભરેલા છે. ટીવી, ફ્રીજ, કોમ્પ્યુટર, મોબાઈલ, એસી, ઈન્ટરનેટ વગેરે સાધનો દ્વારા માણસ દરેક પ્રકારના કાર્યો ઘરે બેઠા આરામથી કરી શકે છે.

સાચી હકીકત એ છે કે, આજે સાધનોની સગવડતા વધી છે, પરંતુ સુખ વધ્યું નથી-ઘટ્યું છે. સુખ મેળવવા ભટકતો માણસ વધારેને વધારે દુઃખી થતો જાય છે. રશિયાના ચિંતક મેક્સિમ્ ગોર્કી અમેરિકા ગયા. ત્યાં એમને કોઈએ પોતાના દેશની જાહોજહાલી અને મનોરંજનના વિવિધ સાધનો બતાવ્યા. વિદાય વેળાએ એમને પૂછવામાં આવ્યું કે, ''તમને અમેરિકા કેવું લાગ્યું?''

એ સમયે ગોર્કી નિસાસો નાખીને બોલ્યા, ''અરેરે!

વિશ્વની મહાસત્તા ગણાતા અમેરિકા દેશના લોકો આટલા બધા દુઃખી હશે કે એમને મનોરંજનના આટલા બધા સાધનોની જરૂર પડે છે ?!''

આજના સમૃદ્ધ ગણાતા દેશોના લોકો મર્યાદાની હદ વટાવીને વિષયો ભોગવે છે, છતાં એને શાંતિ નથી-સુખ નથી. માટે તો તેઓ કેફી દ્રવ્યો અને પીણાના હરેડી બની સુખ-શાંતિ મેળવવા વલખા મારે છે. જો સુખ સાધનોમાં જ રહ્યું હોય તો તે સાધનો સુખદાયી થવા જોઈએ, પરંતુ એવું થતું નથી. આજે આલીશાન બંગલાઓનો ત્યાગ કરી લોકો જંગલોમાં દિવસો વિતાવવા જતા રહે છે. ઝાડ નીચે રહે છે અને ફળ-ફૂલ આરોગે છે. અમુક જગ્યાએ તો લોકો પોતાની મોંઘી ગાડીઓની સવારીનો ત્યાગ કરી ઊંટિયા અને ગધેડાની સવારી કરે છે. ફાઈવ સ્ટાર હોટેલોને બદલે દેશી ખાટલા ઢાળેલા ઢાબાઓમાં લોકો જમવા જાય છે.

માટે જ બાહ્ય પદાર્થોની ઉપલબ્ધીમાં શાંતિ કે સુખ સમાયેલા નથી. વળી અશાંતિ વગર સુખ સંભવિત નથી, તેથી શાંતિ મેળવવી એ જીવનની અનિવાર્ય ઘટના બની જાય છે. સંપત્તિ માણસને સારી પથારી આપી શકે, પણ ઊંઘ નહીં. વિવિધ વાનગીઓ પૂરી પાડવાની ક્ષમતા સંપત્તિમાં છે, પણ ભૂખ લગાડવાની ક્ષમતા તેનામાં નથી. દ્રવ્ય દવાઓ પૂરી પાડી શકે છે, પરંતુ તંદુરસ્તીનું વરદાન બક્ષવાનો અધિકાર એનામાં નથી.

દુનિયાભરના ભોગો પગમાં આળોટતા હોવા છતાં લંકાપતિ રાવણ અશાંત હતો. ત્રિલોકીનો રાજા હતો-અનેક વરદાનથી રક્ષાયેલો હતો, છતાં હીરણ્યકશીપુ શાંતિ ન મેળવી શક્યો. દુર્યોધનની જાહોજહાલી થોડી ન હતી, પરંતુ પાંચ ગામનો મોહ છોડી ન શક્યો તો કુળ સહીત નાશ પામ્યો. આ બધી ઈતિહાસની કથાઓ આપણને એ જ તો શીખવે છે કે, સંપત્તિની પાછળ દોટ પડતી મેલો અને અખંડ સુખ-શાંતિના દાતા શ્રીહરિનું શરણું પકડો.

એક જૂની વાર્તા યાદ આવે છે. એક ડોશીમા રસ્તા ઉપર પડતા સ્ટ્રીટ લાઈટના પ્રકાશમાં પોતાની ખોવાયેલી વીંટી શોધતા હતા. કોઈએ પૂછ્યું, ''માજી ! તમારી વીંટી કઈ બાજુ ખોવાણી છે ?'' ડોશીમા કહે, ''ઘરમાં ક્યાંક પડી ગઈ છે.'' ત્યારે પેલા ભાઈએ આશ્ચર્યથી કહ્યું, ''તો અહીં કેમ શોધો છો ?'' ડોશીમાએ કહ્યું, ''ઘરમાં અંધારું છે એટલે અહીં અજવાળામાં શોધું છું.''

લોકો આજના ભૌતિક જગતના ભભકાદાર જીવનમાં શાંતિ શોધવા નિકળ્યા છે. પરંતુ શાંતિ તો કંઈક બીજે જ ખોવાયેલી છે. માટે જ કહેવાયું છે,

સુરપુર નરપુર નાગપુર, એ તીનમેં સુખ નાહીં,
કાં સુખ હરિ કે ચરનમેં, કાં સંતન કે માહીં.

ઘણા લોકો સંસારના સુખને સાચું માનીને ધન, સ્ત્રી, પુત્ર માટે આયખું ખુવાર કરે છે. દેહ અને દેહના સંબંધીઓની માયાજાળમાં લપેટાયેલા લોકોના જીવનમાં સુખને બદલે અનેક પ્રકારના દુઃખ વાવાઝોડાં બનીને આવતા હોય છે. આજે સમાજમાં જે સાંભળવા મળે છે તે એની સાબીતી પુરે છે. કેટલાયે લોકોના ઘર પોતાના સગા પુત્રના કારણે સળગી જાય છે. કેટલાયેના જીવન પત્ની કે પતિના કારણે ધૂળધાણી થઈ જાય છે. સગો પુત્ર પોતાના બાપને નાલાયક કે મૂર્ખ કહેતા અચકાતો નથી. કેટલાય મા-બાપો આજે વૃદ્ધાશ્રમમાં રીબાય છે. દીકરો ઘર છોડીને જતો રહે છે. દીકરી વિધર્મીને પરણી જાય છે.

સમય સમયનું કામ કરે છે. આવા દુઃખ તો આજે ઘરે ઘરે જોવા મળે છે. પરંતુ એ સમયે જો અંતરમાં સમજણ ન રાખી હોય તો સુખ અને શાંતિ જીવનમાંથી ઊડી જાય છે. માટે પહેલી કહેવત પ્રમાણે 'રસ્સા પાયા હી ન થા' એમ સમજવું. ગુમાવેલું આપણે મેળવ્યું જ નહોતું અને નથી મળ્યું એ આપણા ભાગ્યમાં નહોતું, આ સમજણ હશે તો જ શાંતિ રહેશે.

એક ફકીર રસ્તે ચાલ્યા જતા હતા. રસ્તામાં એમને એક દોરડું જડ્યું. ફકીરના મનમાં થયું કે લાવો લઈ જઈએ, કંઈક કામ લાગશે. તેમણે દોરડું ખભે નાંખ્યું અને ફરી પોતાની મસ્તીમાં ચાલતા થયા. થોડો સમય ચાલ્યા ત્યાં એમનું ધ્યાન પોતાના ખભા ઉપર ગયું તો દોરડું નહોતું, ક્યાંક સરકીને પડી ગયું હતું. ફકીર ચાલતા અટકી ગયા. પાછા ફરી દૂર દૂર નજર દોડાવવા લાગ્યા. મનમાં થયું કે લાવને પાછો વળી દોરડું શોધી લાવું. ત્યાં બીજો વિચાર આવ્યો કે જેમ મને એ દોરડું મળ્યું હતું તેમ અત્યારે એ બીજાને મળી ગયું હશે તો ? દોરડાનો માલિક ત્યાં આવી ગયો હશે તો ? નાહકની તકરાર થશે. માટે આપણે તો 'રસ્સા પાયા હી ન થા' એમ વિચારી ફકીર ચાલતા થઈ ગયા અને અંતરમાં શાંતિ થઈ ગઈ.

આ જગતમાં જે કાંઈ નિર્માણ પામ્યું છે એ બધું જ કાંઈ આપણને મળવાનું નથી અને જે મળે છે એ બધું જ કાંઈ સુખ આપવાનું નથી. માટે સર્વ સુખનું ધામ અને સર્વ શાંતિનું મૂળ ભગવાન શ્રીહરિ છે. એમના ચરણોમાં જે સુખ-શાંતિ રહ્યા છે એવા અનંત કોટિ બ્રહ્માંડમાં ક્યાંય નથી.

માટે જ ભગવાન શ્રી સ્વામિનારાયણ પંચાળાના પહેલા વચનામૃતમાં ભગવાનના સુખને વર્ણવતા કહે છે, ''જેમ કોઈક ભારે શાહુકાર હોય તે રસ્તાને બેય કોરે

છાયાને અર્થે ઝાડ રોપાવે છે તથા પાણીની પરબ બંધાવે છે તથા સદાવ્રત કરાવે છે તથા ધર્મશાળા કરાવે છે તે ગરીબ સારુ કરાવે છે, તેમ બ્રહ્મા, શિવ અને ઈન્દ્રાદિક દેવ છે તે તો એ ભગવાનની આગળ જેવા સડતાળાના રાંક હોય ને પીંપરની ટેટી બાફીને ખાતાં હોય તે જેવા ગરીબ છે. તે બ્રહ્માદિક દેવ મનુષ્યના સુખને અર્થે ઉત્તમ એવા પંચવિષય તે ભગવાને રચ્યાં છે. અને જેમ શાહુકારે સદાવ્રત-ધર્મશાળાદિકમાં સુખ જેવાં રાંકને અર્થે રચ્યાં છે, તે કરતાં તે શાહુકારના ઘરમાં સુખ તે અતિશય ઉત્તમ હશે એમ જણાય છે, તેમ એ ભગવાને બ્રહ્માદિકને અર્થે એવાં સુખ રચ્યાં છે, તો પોતાના ધામમાં તો એ કરતાં અતિ ઉત્તમ સુખ હશે એમ બુદ્ધિવાળો હોય તેને જાણ્યામાં આવે છે. માટે એ ભગવાનના ધામમાં સુખનું અતિશયપણું બુદ્ધિવાનને જાણ્યામાં આવે છે, તેણે કરીને સારા વિષય તે ભૂંડા થઈ જાય છે.

અને સંસારમાં જે પશુ, મનુષ્ય, દેવતા, ભૂત ઈત્યાદિક જ્યાં જ્યાં પંચવિષય સંબંધી સુખ જણાય છે, તે ધર્મે સહિત જે કિંચિત્ ભગવાનનો સંબંધ તેણે કરીને છે, પણ પંડે ભગવાનમાં જેવું સુખ છે તેવું કોઈને વિષે નથી. જેમ આ મશાલ બળે છે તે મશાલને સમીપે જેવો પ્રકાશ છે તેવો થોડેક છેટે નથી અને તેથી ઘણે છેટે તો મૂળગો નથી. તેમ બીજે ઠેકાણે તો કિંચિત્ સુખ છે અને સંપૂર્ણ સુખ તો ભગવાનના સમીપમાં રહ્યું છે. અને જેટલું ભગવાનથી છેટે થવાય છે તેટલા સુખમાં ન્યૂનતા થાય છે માટે જે મુમુક્ષુ હોય તે પોતાના હૃદયમાં એમ વિચારે જે, 'જેટલું મારે ભગવાનથી છેટું થશે તેટલું દુઃખ થશે અને મહાદુઃખિયો થઈશ. અને થોડેક ભગવાનને સંબંધે કરીને એવું સુખ થાય છે માટે મારે ભગવાનનો સંબંધ અતિશય રાખવો છે અને હું અતિ સંબંધ રાખીશ તો મારે ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થશે' એમ વિચારીને અને ભગવાનના સુખનો લોભ રાખીને જેમ ભગવાનનો સંબંધ અતિશય રહે તેમ ઉપાય કરે, તેને બુદ્ધિવાન કહીએ."

એક વખત મયારામ ભટ્ટ અને તેમના નાના ભાઈ ગોવિંદરામ બન્ને ભાઈઓને વિચાર થયો કે આપણે વ્યવહારે થોડું નબળું છે તો કંઈક ધંધો કરીએ. રાત્રિના પોતાના નિત્યનિયમોમાંથી પરવારી બન્ને ભાઈ ધંધાની ચર્ચા કરવા બેઠા.

ગોવિંદરામ કહે, "મોટાભાઈ ! અનાજનો વ્યાપાર જાણીતો છે, એટલે એ ઠીક રહેશે. થોડી મૂડીમાં રોકાણ બાદ કરતાં આટલો નફો તો જરૂર મળશે."

"ગોવિંદરામ ! અનાજનો ધંધો તો સારો છે, પણ આ ધંધામાં હિંસા બહુ થાય તે કેમ પોસાય ?" મયારામ ભટ્ટે ચિંતિત હૃદયે કહ્યું. ગોવિંદરામ કહે, "તો પછી ભાઈ ! ઘી, તેલ વગેરે રસનો વ્યાપાર કરીએ.' મયારામ ભટ્ટ કહે, "ના,ના. એ આપણને નહીં ફાવે." "તો આપણે કાપડનો વેપાર કરીએ, તો કેમ રે'શે ?"

મયારામ ભટ્ટ કહે, "ગોવિંદરામ ! પણ એ તો બ્રાહ્મણ માટે નિષિદ્ધ છે અને વળી કાપડમાં આપણને અનુભવ નથી જેથી અજાણ્યા ધંધામાં પડાય નહીં." આ રીતે દરેક ધંધાના ગુણદોષના અને નફા-તોટાના વિચાર કરતા કરતા સવારના ચાર વાગી ગયા અને કૂકડો બોલ્યો.

મયારામ ભટ્ટ કહે, "ગોવિંદરામ ! આ શું થયું ?"

"ભાઈ ! સવારના ચાર વાગ્યા."

મયારામ ભટ્ટ કહે, "ગોવિંદરામ ! વ્યાપાર કરવાની હજુ વાત કરીએ છીએ ત્યાં આખી રાત્રિ મહારાજનું ભજન ભૂલ્યા તો પછી માલ ઘરમાં આવશે અને વેપાર ચાલુ થાશે ત્યારે શું થશે ? અત્યારે જે રીતે ધ્યાન, ભજન અને સેવા થાય છે તે વ્યાપાર કરીશું તો શું થશે ? માટે મહારાજના ધ્યાન-ભજનમાં હાનિ પહોંચાડે એવો લાભ ગમે તેવો કેમ ન હોય ? આપણે ન જ જોઈએ. જેનાથી કાયમ માટે સુખ મળતું રહે અને જન્મમરણથી રહિત થઈ જઈએ એ જ ખરો લાભ અને વેપાર છે." પછી તો બન્ને ભાઈઓએ વેપાર માંડી વાળ્યો અને સુખેથી ભજન-સ્મરણ કરવા લાગ્યા.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, "આ જીવને પાંચ વાના અવશ્ય જોઈએ. અન્ન, જળ, વસ્ત્ર, નિદ્રા અને સ્વાદ મધ્યે મીઠું. આ વિના બીજું સર્વે ફેલ છે."

સિકંદરે જીવનભર ભેગું કર્યું પણ ભોગવવા કંઈ ન મળ્યું. બધું જ મૂકીને જતો રહ્યો. મરતી વેળાએ અશાંતિ અને વ્યથાથી તડપતો મર્યો. જો મરતી વખતે મુખ ઉપર શાંતિનાં શેરડા ન ફૂટતા હોય તો આખા જગતના સુખને શું કરવું. મરતી વખતે જે સુખનો અનુભવ કરે છે, શાંતિનો અનુભવ કરે છે એ જ ખરું જીવન કહેવાય.

ભારતીય સંત પરંપરા ઉપર નજર નાંખીએ તો ખબર પડે કે એમની પાસે હરિભજન અને હરિશરણ સિવાય કંઈ નહોતું, છતાં તેઓએ જ્યારે દુનિયામાંથી વિદાય લીધી છે ત્યારે એમનાં જેવા સુખી આ જતમાં જાણે કોઈ ન હોય એવી અનુભૂતિ લોકોને થઈ છે.

એક ગામને પાદર સંત ઝૂંપડી બાંધીને રહેતા હતા. એક દિવસ એક વટેમાર્ગુ ત્યાંથી પસાર થયો. બરાબર સંતની ઝૂંપડીની સામેથી જ બે રસ્તા ફંટાતા હતા, તેથી તે

વટેમાર્ગુ સંત પાસે આવ્યો અને પૂછ્યું, "મહાત્માજી ! મારે ફલાણા ગામે જવું છે, આ બેમાંથી કયો રસ્તો સાચો છે ?"

મહાત્માજીએ મરક મરક હસ્તા એક રસ્તા તરફ હાથ ચીંધ્યો અને કહ્યું, "આ રસ્તે ચાલ્યા જાઓ, તમારું સાચું ગામ આવી જશે." આમ કહી મહાત્માજી ફરી પોતાનું કાર્ય કરવા લાગ્યા. પેલો વટેમાર્ગુ સંતે બતાવેલા માર્ગે આગળ ચાલવા લાગ્યો. પરંતુ થોડીવારમાં તે કોઈ ગામના બદલે સ્મશાનમાં પહોંચી ગયો. સ્મશાન જોઈ તેને ભારે નવાઈ લાગી કે પેલા મહાત્માજીએ મને ગામને બદલે આ રસ્તો કેમ બતાવ્યો હશે ? તે એ જ રસ્તે પાછો ફર્યો અને સંતની ઝૂંપડીમાં જઈ પ્રણામ કરી બોલ્યો, "મહાત્માજી ! આપે મને ગામને બદલે સ્મશાનનો રસ્તો કેમ બતાવ્યો ?"



મહાત્માજીએ કહ્યું, "બેટા ! તારું અને મારું સાચું ગામ તો એ જ છે. પેલા ગામમાં તો માણસો પચાસ-એંસી કે સો વર્ષ રહે છે, એ ગામ તો થોડો સમય પુરતો ઉતારો છે, પરંતુ મેં તને જે રસ્તો બતાવ્યો એ રસ્તે આજ સુધી અનેક માણસો ગયા છે અને જે ગયા છે તે ફરી પાછા ક્યારેય નથી આવ્યા. પેલા ગામમાં તો લોકો દુઃખી છે, કોઈને શાંતિ નથી. જ્યારે અહીં બધા જ સુખી છે, કોઈને કાંઇ ઉપાધિ નથી."

પેલા યાત્રિકને મહાત્માજીની આ મર્મવાણીથી જીવનનું રહસ્ય સમજાઈ ગયું કે આ મૃત્યુલોક છે અને એમાં કોઈ શાશ્વત નથી. કોઈને સુખ-શાંતિ નથી. જે મરે છે એ જ સાચા સુખને-શાંતિને પામે છે. માટે મરીને સાથે આવે એવું ભેગું કરવું, પણ આ ભૌતિક જગતના ભૌતિક પદાર્થો ભેગા કરી નાહકનું દુઃખી ન થવું.

નિષ્કુળાનંદ સ્વામી લખે છે,

"ક્યાં ગયું કુળ રાવણ તણું, સગર સુત સાઠ હજારજી,
ના રહ્યું નાણું રાજા નંદનું, સરવે સુપન વ્યવહારજી."

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'તપાસ કરીને જુઓ કે ૧૦૦ વર્ષ પહેલાં આપણામાંથી કોઈ હતું નહીં અને ૧૦૦ વર્ષ પછી પણ કોઈ રહેશે નહીં.'

રાવણ કુળે સહિત નાશ પામી ગયો, સગર રાજાના સાઈઠ હજાર દીકરાઓ પળમાં રાખ થઈ ગયા, આખી પૃથ્વીનું ભેગું કરેલું નંદ રાજાનું કાળું નાણું સમુદ્રના પેટાળમાં જ સમાઈ ગયું. જે ગઈ કાલ સુધી સત્તા અને ધનના અહંકારના મદમાં વટ મારતા ફરતા હતા એવા લોકોની કબરો સુમસામ પડી રહી. એમની કબરો ઉપર કોઈ દીવો મૂકવા આવે એવું પણ નથી વધ્યું !

માટે જ ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃત ગઢડા અંત્યના ૩૮માં કહે છે, "એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહિ."

સદીઓ પહેલા પશુબળ અને બાહુબળથી જીવતા માણસે વધારે સુખની આશામાં યંત્રોના નિર્માણ કર્યા. એમને એમ હતું કે યંત્રબળને લીધે હવે ઘણી રાહત થશે. ચાપ દબાવતા જ કાર્યો ઝડપથી થવા માંડશે. પણ બન્યું એવું કે યંત્રો તો દોડ્યા, સાથે સાથે યંત્રોએ માણસને પણ દોડાવ્યો. છેવટે યંત્રો ન થાક્યા પણ માણસ દોડી દોડીને થાકી ગયો. મશીનના સંગમાં રહી માણસ મશીન બની ગયો. પૈસાની પાછળ દોટ દેતો માણસ સ્નેહ, સમર્પણ, દયા, દાન, ઉપકાર ભૂલવા લાગ્યો અને એમની સુખ-શાંતિ છીનવાઈ ગઈ.

એક ખેડુત ખેતરમાં ઘટાદાર વૃક્ષ નીચે શાંતિથી ઢેફાનું ઓશીકું કરી સૂતો હતો. એ સમયે ત્યાંથી શહેરનો કોઈ ભણેલો માણસ પસાર થયો. તેણે સૂતેલા માણસને જગાડ્યો અને કહ્યું, "અલ્યા ભાઈ ! સૂઈ શું રહ્યો છે ? કંઈક કામ કરને !" ખેડુતે કહ્યું, "ભાઈ ! હું સવારે વહેલો ઊઠી કામે લાગી જાઉ છું, તે બપોર સુધી કામ કરું છું. આટલું કામ કરું એમાં મારું અને મારા પરિવારનું ભરણપોષણ થઈ રહે છે. બપોર પડે એટલે રોટલો, દહીં, અથાણું ખાઈને સૂઈ જાઉ છું, સાંજે ઘરે જઈ પરિવાર સાથે બેસું છું, જમું છું અને ફરી સૂઈ જાઉ છું. આટલામાં મને સંતોષ છે. મને પરિવાર પૂરતું મળી રહે છે, પછી ઝાઝી માથાકૂટ શું કરવી ?"

શહેરનો માણસ બોલ્યો, "ભલા માણસ ! તમને

દિવસમાં કેટલો બધો સમય મળે છે. શહેરના લોકો તો ઓવરટાઇમ કરતાં હોય છે. માટે તું પણ બપોરપછીના સમયે કામ કરને!''

ખેડુત કહે, ''ભાઈ! વધારે કામ કરવાથી શું થાય?''

પેલો કહે, ''વધારે પૈસા મળે અને તું એમાંથી વેપાર પણ કરી શકે.'' ''પછી શું થાય?'' ''પછી તું વધારે પૈસા કમાઈશ અને મોટર-ગાડી આવે, બંગલો આવે.'' ''પછી શું થાય?'' '' પછી તું વધારે દુકાનો ખોલજે અને એમાંથી વધારે પૈસા કમાજે.'' ''પછી શું કરવાનું?'' પછી શું? પછી શું?ના પ્રશ્નો સાંભળી ભણેલો કંટાળ્યો એટલે એણે કહ્યું, ''પછી તું આરામથી સૂઈ શકીશ.''

ભણેલાની વાત સાંભળી સૂતેલો અભણ ખેડુત ઊભો થયો અને હસતો હસતો બોલ્યો, ''ભાઈસાબ! આટલી બધી માથાકૂટ કર્યા પછી આરામ જ કરવાનો હોય તો હું અત્યારે આરામ જ કરું છું. તમે આવી મારી નીંદરમાં ખલેલ પહોંચાડો છો, માટે કૃપા કરી મને આરામ કરવા દ્યો. તમે હવે તમારે રસ્તો જાઓ.'' એમ કહી પેલો ખેડુત ફરી ઢેફાનું ઓશીકું કરી આરામ કરવા લાગ્યો!

આજના માણસની આ પરિસ્થિતિ છે. એને સુખ જોઈએ છે-શાંતિ જોઈએ છે, પણ સંતોષ નથી. થોડું મળે એ ચાલતું નથી, અને ઝાઝું મળતું નથી. થોડાથી સંતોષ નથી એટલે વધારે મેળવવા દોડાદોડી કરે છે અને જે મળ્યું છે એનું સુખ પણ ભોગવી શકતો નથી.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, ''હરિભક્ત કોઈ રીતે સુખિયા થતા નથી, તે જો રૂપિયા આપીએ તો દર્શન કરવા નવરા થાતા નથી ને ગરીબ રાખીએ તો કહેશે જે, 'ભાતું ન મળે, શું દર્શને જઈએ?''

પછી સ્વામી કહે છે, ''ત્રણ જણ સુખિયા, એક તો મોટા સાધુ કહે તેમ કરે તે તથા મનનું કહ્યું ન માને તે જ્ઞાની તથા કાંઈ જોઈએ નહિ તે.''

માટે જેટલી આવશ્યકતા હોય એટલા દાખડા કરવા, સંતોષ રાખવો અને ભગવાન અને ઘરે બેઠા મળેલા ગુણાતીત સંતમાં જોડાઈ જવું. તો આ ભવ સુખેથી તરાઈ જશે અને પરલોક પણ સુધરી જશે. ભગવાન શ્રીહરિના ચરણોમાં આપણે એ જ પ્રાર્થના કરીએ કે 'હે મહારાજ! સર્વ સુખનું ધામ તમારું શરણું છે, અમને તમારા અને તમારા સંતોના શરણે રાખજો અને આ જગતની આંધળી દોટમાંથી બચાવજો.'

અનુસંધાન પેજ ન પ નું...

વૃદ્ધ, સ્ત્રી હોય કે પુરુષ, પશુ હોય કે પંખી સર્વને સમાધિ કરાવી શકે છે, કારણ કે જીવ-પ્રાણીમાત્રના નાડીપ્રાણ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણના હાથમાં હોય છે.

▪ ગુરુ તો લક્ષ્ય તરફ સંકેત કરતી આંગળી જેવા છે. પરમાત્મા રૂપી લક્ષ્યની પ્રાપ્તિ કરાવ્યા બાદ ગુરુનું કાર્ય પૂર્ણ થાય છે. અજ્ઞાની લોકો આંગળી પકડી લે છે અને લક્ષ્યને ચૂકી જાય છે. ભગવાન વર છે, ગુરુ પુરોહિત છે. લગ્નને માંડવે પૂરોહિત વરકન્યાનો હથેવાળો કરાવે, એમ ગુરુ જીવનો હાથ જગદીશના હાથમાં સોંપે છે. પરમાત્માને પડ્યા મેલીને ગુરુમાં જોડાવું, એતો વરને છોડી પુરોહિતને પરણવા જેવી વાત છે. પતિવ્રતા સ્ત્રીનો આ ધર્મ નથી.

▪ જીવના અંતરમાં નિર્ભયતા, વિચારોની પવિત્રતા, સત્ય, પ્રેમ, કરુણા, અહંકાર-શૂન્યતા વગેરે દૈવી ગુણોનો વિકાસ થાય એથી મોટો કોઈ ચમત્કાર નથી. એટલે જ પરચા-ચમત્કાર કરતાં પણ આંતરિક ગુણોનો વિકાસ કરવો એ ભગવાન શ્રી સ્વામિનારાયણનું લક્ષ્ય હતું.

▪ માણસ સત્તા-સંપત્તિથી સુખી થતો નથી, સમજણથી સુખી થાય છે. સમજણ શબ્દ માત્ર વ્યાવહારિક અને સામાન્ય સમજણ પૂરતો સીમિત નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણ જેને સમજણ કહે છે, તેનો અર્થ છે... સમજણ એટલે સાંખ્ય અને યોગનો સંગમ; સમજણ એટલે સત્-અસત્નું જ્ઞાન; સમજણ એટલે સાર-અસારનો વિવેક; સમજણથી અસારમાં અનાસક્તિ અને સારમાં સ્નેહ પ્રગટે છે. સમજણથી જ જીવનું અંતર નિર્વાસનિક થાય છે અને પરમાત્મ-સ્વરૂપમાં પ્રીતિ થાય છે.

▪ સત્તા-સંપત્તિ અને સિદ્ધિઓ મળવી સહેલી છે, પચાવવી કઠણ છે. સત્તા-સંપત્તિ અને સિદ્ધિઓને લીધે ભલભલાના અંતરમાં અહંકાર આવી જતો હોય છે.

▪ ભક્તિમાર્ગમાં દાસત્વભક્તિનું ભારે મહત્ત્વ છે. અહંકારને શ્રીફળની જેમ વધેરી નાખવાની હિંમત હોય, એ ભક્ત જ દાસત્વભક્તિ કરી શકે છે.

▪ સંસારના સુખો શિયાળ-બગામણાં બોર જેવાં છે. જે જૂએ છે તે લલચાય છે અને ખાય છે તે પસ્તાય છે! મનુષ્ય દેહે કરીને વિષયોની આસક્તિ છોડી, પરમેશ્વરમાં પ્રીતિ કરવી એ જ સાર છે.

▪ સદ્ગુરુનું સાચું સામર્થ્ય શિષ્યના મનના સંકલ્પ-વિકલ્પને શાંત કરવામાં છતું થતું હોય છે; સાંસારિક સુખ સંપત્તિની આશિષો આપવામાં નહીં. પરંતુ આ વાતનો મર્મ તો અધ્યાત્મપંથના પ્રવાસી કોઈ વિરલા જ જાણી શકે છે.

દેવભૂમિ તિબેટ

(પૂજ્ય સ્વામી માધવપ્રિયદાસજી સ્વામી દ્વારા લખાયેલ તથા ઈમેજ પબ્લિકેશન દ્વારા પ્રકાશિત દેવભૂમિ તિબેટ પુસ્તક સાહિત્ય જગતમાં ખૂબજ પ્રસિદ્ધિ પામ્યું છે. જેના પ્રતિભાવો ગુજરાતના પ્રખ્યાત ન્યુજપેપર ફૂલછાબ, નવગુજરાત સમય, ગુજરાત સમાચાર, અકિલા વગેરેમાં પ્રસિદ્ધ થયા છે. ઉપરાંત જાણીતા લેખકો દ્વારા પણ પ્રતિભાવો સાંપડ્યા છે, જે અહીં પ્રસિદ્ધ કરાયા છે.

રવિવારસમય
તમને નવગુજરાત સમય | સમાચાર | રવિવાર | ૧ ઓગસ્ટ, ૨૦૧૭

ત્રિલોકી દેવભૂમિની ધાર્મિક અને સાંસ્કૃતિક ત્રિવેણી યાત્રા

પુસ્તક પરિચય : પયંક વ્યાસ

ભારત અને ચીન વચ્ચેના સંબંધો ગમે તેટલા તંગ હોય, પણ શિવ નિવાસસ્થાન અને પવિત્ર તીર્થધામ કૈલાસ માનસરોવર તેમજ તિબેટને કારણે ભારતને માટે ચીનના આ વિસ્તારોનું ધાર્મિક-સાંસ્કૃતિક મહત્વ વધુ છે. તિબેટ અને માનસરોવર વિસ્તાર ભારતીયોના મનમાં દેવભૂમિનું સ્થાન ધરાવે છે. તેમાં પણ એક સંતપુરુષે જ્યારે આ પવિત્ર સ્થાન અને તેના રોમાંચક પ્રવાસના સંસ્મરણો લખ્યા હોઈ, ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંદર્ભો સાથે લખે ત્યારે તે ઐતિહાસિક, ધાર્મિક અને સાંસ્કૃતિક એમ ત્રિવેણીની યાત્રા બની રહે છે. દેવભૂમિ તિબેટનું પ્રવાસવર્ણન માત્ર વર્ણન નહીં, એક આધ્યાત્મિક યાત્રા બની રહે છે.

આ પુસ્તક એનાં વિશાળ ફલકનાં ૧૬૬ પ્રકરણો અને તેનાં ૧૭૬ પાનાં આ યાત્રાનાં ડગલાંરૂપ બની રહે છે. સ્વામી માધવપ્રિયદાસજીનું નામ ગુજરાતમાં અજાણ્યું નથી. ગુરુકુલની પ્રણાલી મારફતે પરંપરાગત સંસ્કારશિક્ષણનું સિંચન કરીને ભાવિ પેઢીના ઘડતરમાં પાયાનું યોગદાન આપી રહેલા સંત સ્વામી માધવપ્રિયદાસજી જેવા વિદ્વાન અભ્યાસુ દ્વારા લખાયેલા આ પુસ્તકમાં તિબેટનો પ્રાચીન ઈતિહાસ તેમજ ભારત સાથેનાં એના પૌરાણિક, રાજકીય, ધાર્મિક, સાંસ્કૃતિક સંદર્ભો-સંબંધોનો સવિસ્તાર ઉલ્લેખ ઘણો માહિતીપ્રદ છે.

તેમણે લખ્યું છે કે ભારતના ઋષિમુનિઓ હજારો વર્ષોથી અહીં તપ અને સાધના કરતા રહ્યા છે, પણ દુર્ભાગ્યે ભારતના વામણા રાજકારણીઓ તિબેટની દિવ્યભૂમિને ચીની અજગરના મુખમાં જતી રોકી ન શક્યા.

સ્વામી માધવપ્રિયદાસજીએ તિબેટ, નેપાળ અને માનસરોવરની કરેલી યાત્રાઓના વર્ણનનું આ પુસ્તક માત્ર પ્રવાસ વર્ણન નહીં, ખરા અર્થમાં સંસ્કૃતિવર્ણનનું પુસ્તક બન્યું છે. કોઈ સિદ્ધહસ્ત સાહિત્યકાર દ્વારા કરાતા પ્રકૃતિવર્ણનને પણ શરમાવે એવું પ્રકૃતિવર્ણન લેખકે અનેક ઠેકાણે કરીને પ્રવાસમાં જીવંતતા આણી છે. સાથે પ્રેરક વાત કહેવાનું પણ તેઓ ચૂકતા નથી.

દાખલા તરીકે તેમણે પ્રવાસનો અહેસાસ વ્યક્ત કરતાં એક જગ્યાએ લખ્યું છે કે, "રોજેરોજ અંધકારને ઓઢવો અને પ્રકાશને પામવો એ જાણે એમનો જીવનમંત્ર છે. સૃષ્ટિના આદિકાળથી આ પ્રક્રિયા ચાલે છે. અને સર્જનના અંત સુધી ચાલતી રહેશે. આપણા જીવનપંથમાં અંધકાર અને પ્રકાશની સંતાકૂકડી સતત ચાલતી રહે છે. પ્રત્યેક ઉદયમાં અસ્તનો સંદેશ ભરેલો હોય છે. પ્રત્યેક અસ્ત ઉદયની આશાથી ભરેલો હોય છે."

સ્વામી માધવપ્રિયદાસજીએ બૌદ્ધ ધર્મનું વિહંગાવલોકન ખૂબ સરસ રીતે કરીને 'સંઘં શરણં ગચ્છામિ'ની યથાર્થતા દર્શાવી છે. સાથે જૈન ધર્મ અને બૌદ્ધધર્મની તુલના પણ કરી છે. લેખકે પોતાના પ્રવાસ દરમિયાન તિબેટનાં બૌદ્ધ તીર્થો-સ્થાનોની મુલાકાત લઈને તેનાં સુંદર વર્ણનો લખ્યાં છે. જે બૌદ્ધ ધર્મની સંસ્કૃતિ અને વિચારધારાને પણ સાંકળી લે છે.

તિબેટમાં ઈસ્વીસન પૂર્વે ફેલાયેલા 'બોન' ધર્મની વાત કરીને તેના સ્થાપક ટોન્પા શેનરેબનો જન્મ કૈલાસક્ષેત્રમાં થયો હતો એવા ઉલ્લેખ સાથેની કેટલીયે બહુ ઓછી જાણીતી બાબતોને પણ લેખકે પુસ્તકમાં ખૂબીપૂર્વક આવરી લીધી છે. તિબેટમાં બૌદ્ધધર્મના મહાયાન-હિનયાન સહિત વિકાસ-વિસ્તારની વિગતો સાથે સદીઓથી ચાલતી આવતી વિવિધ શાખાઓ તેમજ દલાઈ પરંપરાનો કેવી રીતે ઉદય થયો તે અંગેની સઘળી વિગતો ખૂબ રસપ્રદ અને માહિતીપ્રદ છે. વિવિધ ક્રમનાં દલાઈ લામાની પણ વાતો દર્શાવી છે. કર્માપા પરંપરા અને લામાની પસંદગીની રીત પણ ઉલ્લેખીને લેખકે કોઈ કચાશ રાખી નથી. વળી આ લામા પરંપરાઓને આપણા વિવિધ મુનિઓ સાથે સાંકળીને બે સંસ્કૃતિનું સાયુજ્ય પણ સાધ્યું છે. એ સાથે ચેપલ-સ્તૂપ વગેરેમાંના ચિત્રોનો ઉલ્લેખ કરીને તત્કાલીન કલાના વારસાને પણ દર્શાવ્યો છે.

બૌદ્ધ ધર્મના તલસ્પર્શી અને અભ્યાસુ વર્ણનની સાથે તિબેટના લ્હાસાનું પણ રસપ્રદ વર્ણન કરાયું છે. તિબેટના લ્હાસામાં આવેલા તિબેટના બૌદ્ધવિહારો (મોનેસ્ટ્રી)નાં પણ સરસ વર્ણનો લેખકે કર્યા છે. ત્યાંના જોખાંગ, નોર્બુલીંગકા જેવાં જુદાં જુદાં મંદિરો વિષે આ પ્રકારનાં વર્ણન બહુ ઓછા જોવા મળે છે. લેખકે તિબેટ ઉપરાંત નેપાળના પ્રવાસનું અને કાઠમંડુ સહિતના સ્થળોનું પણ પુસ્તકમાં વર્ણન કર્યું છે. સાથે હિમાલયની દિવ્યભૂમિના કુદરતી વાતાવરણનો પણ એહસાસ કરાવ્યો છે.

કાઠમંડુથી કૈલાસ માન સરોવર તરફના પ્રવાસને તાદંશ રીતે દર્શાવીને વર્ણનોમાં જીવંતતા આણી છે. નેપાળથી ચીનની હદમાં દાખલ થતી વખતે ભારતીયોને થતા અનુભવો પણ વિશદ રીતે લેખકે જણાવ્યા છે, જે ત્યાંનું અને ભારત પ્રત્યેની ચીનની માનસિકતાનું સાચું ચિત્ર રજૂ કરે છે. તિબેટમાં આવેલા વિશ્વના ઊંચામાં ઊંચા રણ પર્યકનું વર્ણન સાચ્ચે જ વાંચવા જેવું છે. રણ, પાણી અને પર્વતના સંગમની વાત ઘણી આહ્લાદક છે. કૈલાસ પર્વતનાં પ્રથમ દર્શનનો ઉમળકો લેખક છૂપાવી શક્યા નથી. માનસરોવરના કિનારે પહોંચીને કરેલું વર્ણન ઘણું રોચક છે. માનસરોવર અને રાક્ષસ તાલમાં હંસ જેવાં પક્ષીઓ હોવાનું કહીને 'હંસ, કમળ, મોતીચારો અને માનસરોવર'ની વાતને ઉજાગર કરી છે. ભગવાન સ્વામિનારાયણે હિમાલયમાં જ્યાં તપ કર્યું હતું તે સ્થાન 'પુલહાશ્રમ'ની મુલાકાત લઈને ત્યાંનું શબ્દચિત્ર એ રીતે રજૂ કર્યું છે કે તેના વાંચનાર દરેક હરિભક્તને રૂબરૂ દર્શન કર્યાની દિવ્ય અનુભૂતિ થાય. સ્વામી માધવપ્રિયદાસજીએ પોતાની સાથે યાત્રામાં જોડાયેલા શ્રદ્ધાળુઓના નામનો ઉલ્લેખ કરીને જીવંતતા આણી છે. તેમણે એવું પણ લખ્યું છે કે આ ભૂમિ આપણી ઉદ્‌ગમભૂમિ હોવાથી એના પ્રત્યે આપણા દિલમાં આકર્ષણ રહે, તે સહજ છે.

યાત્રા એ તપ છે, તપથી ચૈતન્ય અને આત્મબળ નીખરે છે.

બુક્સ એક્સ-રે : ડૉ. મનોજ જોશી

"...બાજુમાં જ ગૌરવવંતા યોગી જેવો ગુર્લા માંધાતા સાષ્ટાંગ દંડવતની મુદ્રામાં વિરાજમાન છે. આથમણી બાજુ નમી રહેલા સૂર્યનારાયણ આકાશમાંથી કોમળ સુવર્ણ કમળો જેવા કિરણો વરસાવી શિવસ્વરૂપ કૈલાસની પૂજા કરી રહ્યા છે. ચારે તરફની દિશાઓ અનોખા આભામંડળથી ઉભરાઈ રહી છે. ચારે બાજુ ધનપતિ કુબેરનો સુવર્ણ ખજાનો છલકાઈ રહ્યો હોય એમ ભાસી રહ્યું છે. આ અદ્‌ભુત દર્શન કરતાં જ વાણી હવે મૌન બની છે. આ અદ્‌ભુત સૌંદર્યનો સાગર વાણીના ખોબામાં સમાય એમ નથી. આંખોમાંથી શ્રાવણ-ભાદરવાના વરસાદ વરસી રહ્યાં છે. કાંટા-કાંકરાવાળી ધરતીને ગણકાર્યા સિવાય યાત્રિકો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં કરતાં આંખનાં આંસુઓનો ઉપહાર શિવજીને ચરણે અર્પી રહ્યા છે. પ્રેમ ઉભરાતાં હૈયામાંથી પ્રગટેલા આ અશ્રુબિંદુઓ માનસરોવરથી કમ નથી! આ પ્રત્યેક પ્રેમાળ અને નિર્મળ અશ્રુબિંદુમાં કોઈ આગવું જ માનસરોવર છલકાઈ રહ્યું છે. વર્ષોથી જેને જોવાની ઝંખના હતી, એ હિમધવલ કૈલાસ અમારી નજર સમક્ષ આકાશને આંબતો ઉભો છે... ભગવાન સદાશિવની કૃપાથી આકાશ સાવ નિરભ્ર એટલે કે વાદળા વિનાનું છે. આકાશનું છત્ર ઓઢી શ્વેતાંબરી કૈલાસ શોભી રહ્યો છે. હજુ તો આ દૂરથી થયેલ દર્શન છે. "પ્રથમ દૃષ્ટિએ પ્રેમ" જેવી અમારા હૈયાની હાલત છે. હજુ તો શિવ સ્વરૂપ કૈલાસના નજીકથી દર્શન અને પ્રદક્ષિણા કરવાના બાકી છે, પણ હોર્યું પર્વત ઉપરથી હટવાનું મન થતું નથી. બસ બેઠા જ રહીએ અને આ અદ્‌ભુત દૃશ્યને આંખોથી પીતાં રહીએ એમ જ થયા કરે છે. બધા યાત્રિકો પણ ભાવવિભોર છે. 'વાચાં મૌનં વરમતમ્' બધાની આંખો વરસતી હતી, પણ વાણી મૌન હતી. બધાં ધન્ય ધન્ય થઈ રહ્યાં હતાં. કૈલાસ-માનસરોવરનાં દિવ્ય દર્શન કરતાં કરતાં બધા યાત્રિકોએ સાથે મળી ઘણી વાર હરિનામ સ્મરણ કર્યું. ફોટોગ્રાફીનો મોહ કેટલાક યાત્રિકોને ધ્યાનસ્થ થવા દેતો નથી. પરબ્રહ્મ સામે ઉભો છે, પરંતુ આ લોકો પડછાયાની પૂજામાંથી નવરા થતાં નથી!"

'દેવભૂમિ તિબેટ' એ સ્વામી માધવપ્રિયદાસજી દ્વારા સ્વાનુભૂતિ પરક લખાયેલું દિવ્યયાત્રા (કૈલાસ - માનસરોવર)નું મંગલમય પુસ્તક છે. સૌને પ્રિય માધવપ્રિયદાસજીની આ યાત્રા શ્રેણી અહીં જ 'ફૂલછાબ'નાં પૃષ્ઠો પર પ્રસિદ્ધ થઈ ચૂકી હતી, એનું આ ગ્રંથ સ્વરૂપ છે. દળદાર, નયનરમ્ય તસ્વીરો સાથે, સાદી, સહજ, પ્રાસાદિક શૈલીમાં, લલિતાત્મક ગદ્ય (ભલે એને 'લલિત નિબંધ' એવું નામ વિવેચકો ન આપે એથી શું ફરક

પડવાનો ?!?) ની અનુભૂતિ કરાવતા પ્રાકૃતિક સૌંદર્યના રમણીય વર્ણનો સામાન્ય વાચક-ભાવકને પણ ઘેર બેઠાં કૈલાસ-માનસરોવર જઈ આવ્યાનો અનુભવ કરાવે એવું આ પુસ્તક છે. મજાની વાત તો એ છે કે આજના સમયે આવું દળદાર, ફોર કલર, આર્ટ પેપર પર છપાયેલા પુસ્તકની કિંમત હજાર કે પંદરસો રૂપિયા જેટલી હોઈ શકે, પરંતુ સ્વામી માધવપ્રિયદાસજીના પ્રિય સેવકો ચંદ્રકાન્તભાઈ, હર્ષદભાઈ, જીતુભાઈ, ઘનશ્યામભાઈ - સર્વ સ્વામી પરિવારે (મૂળ ગામઃ નાર , હાલ : બોત્સ્વાના, પોતાના માતા-પિતા (કમળાબેન અને ચતુરભાઈની) ની સ્મૃતિમાં આપેલા અનુદાન થકી આ ભાવાત્મક યાત્રાનું, સંવેદનમય પુસ્તક સૌ કોઈ ભાવકોને માત્ર ત્રણસો રૂપિયામાં પ્રાપ્ત થઈ શકે છે. આવા સદ્‌સાહિત્યના પ્રકાશન માટે આર્થિક હૂંફ આપનારાની આજકાલ અછત છે.

લેખક કવિ-સંત સ્વામી માધવપ્રિયદાસજી મળવા જેવા સાવ હળવા-સરળ સંત છે. સંતપણાનો સ્હેજેય ભાર ન વર્તાય એવા સંત-ગુરુ છે. આ લેખ આજે 'ગુરુપૂર્ણિમાં'નાં પાવન દિવસે પ્રગટ થઈ રહ્યો છે, એ પણ એક વિશિષ્ટ-દિવ્ય-પરમ યોગાનુયોગ જ છે ! કવિ સુરેશ દલાલે માધવપ્રિય સ્વામી વિશે શબ્દ ચિત્ર આપતા ભાવપૂર્વક લખ્યું હતું કે - સ્વામિનારાયણ સંત માધવપ્રિય સ્વામી મળવા જેવા સાધક છે. એમના સત્સંગમાં માત્ર શબ્દનું નહીં પણ મૌનનું પણ આકાશ ઉઘડે છે. એમની પાસે વિચારનું ભાથું છે અને આચાર સંહિતા છે. એમના શબ્દોમાં ક્યાંય આક્રમણ નથી હોતું. હૃદયનિષ્ઠ સમજણથી માધવપ્રિયજી વાત કે આખ્યાન કે કથા કહેતા હોય છે. એમને સાંભળવા અનેક ભાવિકો ટોળે વળે છે, પણ ટોળાનું તેઓ સત્સંગના મેળામાં રૂપાંતર કરી શકે છે. જીવનભર એમણે સંસ્કૃત શાસ્ત્રોનો ઉંડો અભ્યાસ કર્યો છે. એ વિદ્વાન છે, પણ વિદ્વત્તાના ભાર વિનાના, એ સહજ અને સ્વાભાવિક છે.

'ફૂલછાબ' પ્રત્યે અઢળક સ્નેહ રાખતા આ સ્વામીની ઘણી કવિતાઓ 'જન્મભૂમિ જૂથ'નાં 'કવિતા' સામયિકમાં પ્રગટ થતી રહે છે. એમના પદો - ગીતો આ લખનારે પણ સાંગીતિક કાર્યક્રમોમાં અને ભક્તિ સંગીત સંધ્યામાં પ્રસ્તુત કરીને પરમ આનંદ પ્રાપ્ત કર્યો છે. 'દેવભૂમિ તિબેટ' આ ગ્રંથ સૌ કોઈ યાત્રાપ્રેમીઓને, કૈલાસ, માનસરોવર પ્રેમીઓને અને વિશેષતઃ સ્વામિનારાયણ સંપ્રદાયના સેવકોને, સ્વામી માધવપ્રિયદાસજીના શિષ્યોને એક આંતરિક - આધ્યાત્મિક અનુભૂતિ કરાવશે. સૌ કોઈએ વસાવવા-વાંચવા જેવું આ પુસ્તક છે. સ્વામીજી દ્વારા અમદાવાદ - ગાંધીનગર હાઈવે ઉપર વિશ્વપ્રસિદ્ધ એવા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્, મેમનગરનું શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ઉપરાંત હમણાં જ, આપણા સૌરાષ્ટ્રની ગૌરવવંતી ભૂમિ ગીરમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર - (ગીર ગઢડા - જિ. ગીર સોમનાથ)માં દિકરીઓ - બહેનો માટે પણ વિદ્યાભ્યાસની વ્યવસ્થા સુંદર રીતે કરવામાં આવી છે. ●

આ પત્ર વલસાડ જીલ્લામાં આવેલા નંદીગ્રામ ખાતે નિવાસ કરતા ગુજરાતી ભાષાના મહાન કવિ શ્રી સાંઇ મકરંદભાઇ દવેના ધર્મપત્ની શ્રી કુન્દનિકાબેન કાપડીયાએ લખેલ છે.

તારીખ :- ૧૩/૭/૨૦૧૭

આદરણીય સ્વામીજી, હરિ ઓમ્ અને સાદર પ્રણામ...

આપના તરફથી મોકલાવેલું દેવભૂમિ તિબેટ પુસ્તક મળ્યું. અદ્‌ભુત કહેવાય કે પહેલાં તો ચીને તિબેટ લઈ લીધું ત્યાર પછી આપણા દેશના લોકોને ત્યાં જવાની છૂટ છે એવી જ ખબર નહોતી. પુસ્તકમાંથી જાણવા મળ્યું કે ચીન ત્યાં પ્રવાસીઓને આકર્ષવા માટે જૂના મકાનની જગ્યાએ પ્રવાસ માટેનાં આકર્ષક સ્થાનો ઊભાં કરે છે. સાધારણ જનમાનસમાં તો એમ જ ખ્યાલ છે કે તિબેટના દ્વાર આપણા માટે તો બંધ જ છે. એટલે આપણા માટે તો એ પ્રદેશ રહસ્યમય પ્રદેશ જ રહ્યો છે. પણ આપના એ પુસ્તકે તિબેટ જવા ઇચ્છનાર માટે દરવાજા ખોલી આપ્યા તે માટે આપનો ખૂબ ખૂબ આભાર.

આ તો માત્ર પુસ્તક મળ્યાની પહોંચ છે. ધીરે ધીરે વાંચીશું. નંદિગ્રામ આપના સ્મરણમાં છે અને આપે ખાસ અમને યાદ કરીને એ પુસ્તક મોકલ્યું તે માટે પણ હૃદયપૂર્વક આભાર. કેટલાંક વર્ષો પહેલા આપ અહીં આવેલા અને બહુ સુંદર અને પ્રેરક વ્યાખ્યાન આપેલું તે હજી યાદ છે.

આપ કુશળ હશો. અમારા સૌના ભાવપૂર્વક વંદન સ્વીકારશો.

સાદર વંદન

કુન્દનિકા

ચીનની ચેકપોસ્ટ એટલે જાણે પ્રવાસીઓને માનહાની અને હડધૂત કરવા માટેનો મૂકામ

ચીનની ચેકપોસ્ટ એટલે જાણે પ્રવાસીઓને માનહાની અને હડધૂત કરવા માટેનો મૂકામ

સ્વામીનારાયણ ગુરુકુલ વિશ્વ વિદ્યા પ્રતિષ્ઠાનમના સ્વામી માધવપ્રિયદાસ અને તેના ગ્રૂપે તિબેટ અને કૈલાશ માનસરોવર દર્શનનો પ્રવાસ કર્યો હતો. તેમના ડાયરી જેવા પ્રવાસ પુસ્તક 'તિબેટ દેવભૂમિ'માં ચીનની ચેકપોસ્ટ, ફ્રેન્ડશિપ બ્રીજ અને ચીનની માનસિકતા પરના પ્રકરણમાં વેધક વર્ણન થયું છે. ભારત અને ચીનવચ્ચે તંગદિલીના સંબંધો ચાલી રહ્યા છે ત્યારે તેના પર નજર નાંખવી રોચક પુરવાર થાય તેમ છે. આ પુસ્તકના અંશો જ જોઈએ.

ચાઈનાની ચેકપોસ્ટ

હવે અમે 'ફ્રેન્ડશિપ બ્રિજ' ઉપર થઈને ચાઈના બોર્ડર તરફ આગળ વધી રહ્યાં છીએ.

ચાઈનાની ઈમિગ્રેશન ઓફિસ પાસે ઘેટાં-બકરાંની જેમ માણસોની લાઈનો લાગી છે.

આ સ્થળ સમુદ્ર સપાટીથી આશરે બે હજાર મીટર ઊંચાઈ ઉપર છે. અહીં અવારનવાર વરસાદ વરસે ચે.

ચાઈના સરકારે ઈમિગ્રેશન ઓફિસ માટે નાનકડું ભવન બાંધ્યું છે, પરંતુ વિશ્વની આર્થિક મહાસત્તાએ પ્રવાસીઓની સુવિધા માટે સાદું છાપરું પણ બાંધવાની દરકાર લીધી નથી.

ગામડાંની બસમાં ચઢવા માટે માણસોના ટોળા પક્કામુક્કી કરે, એમ ઈમિગ્રેશનની ઓફિસમાં પ્રવેશવા માટે માણસો પક્કામુક્કી કરે ચે.

આ ચીનો સ્વભાવે ભારે તોછડા અને રૂક્ષ લાગે છે. અહીંનાસિક્યોરિટી ઓફિસરો ક્યારેક તો પગની લાત મારી માણસોના અપમાન પણ કરે છે.

આ લોકો ચાઈનીઝ ભાષા સિવાય બીજી ભાષા બોલતા નથી. દરેકને પોતાની માતૃભાષા પ્રત્યે પ્રેમ હોય તે સહજ છે, પરંતુ ઈમિગ્રેશન ઓફિસ એક એવું સ્થળ છે જ્યાં વિશ્વભરના પ્રવાસીઓનું આવાગમન હોય છે. આવી જગ્યાએ અંગ્રેજી ભાષા જાણનારા અધિકારીઓ હોવા આવશ્યક છે. આ ચીનાઓ જાણે કે પોતાની જાતને જ સર્વોપરિ માનતા હોય એમ પોતાની ભાષા સિવાય બીજી કોઈ ભાષા બોલવા કે સાંભળવા માગતા નથી.

ટૂર ઓપરેટરે અમારા સંઘના દસ દસ યાત્રિકોના ગ્રૂપ પાડ્યાં હતાં. જે ગ્રૂપનો વારો આવે એમણે દીવાલમાં ખીલી ખોડે એમ દરવાજા પાસેની ભીડને આરપાર વીંધી અંદર જવાનું હતું. ટૂર ઓપરેટરના સહાયક માણસો રીતસર હાથ પકડીને ભીડ વચ્ચેથી યાત્રિકોને અંદર ખેંચતા હતા.

ડ્રેગનની ખંધાઈ : માત્ર નામ જ ફ્રેન્ડશિપ હાઈવે ! તિબેટ અને નેપાળ પણ ચીન હડપ કરી

અમે જેમજેમ કરી અંદર પ્રવેશ્યા. અંદર પ્રવેશતાં જ ચીની ડૉક્ટરોએ રિવોલ્વર જેવી ગન કપાળ ઉપર મૂકી 'સ્વાઈન ફ્લુ'નું ચેકિંગ કર્યું !

શરીરનાં ઉષ્ણતામાનમાં સહેજ પણ શંકા લાગે, એવા યાત્રિકોને અલગ તારવી એક બાજુ બેસાડી દેવામાં આવે છે. હવે એનો વારો ક્યારે આવે ? એનું કાંઈ નક્કી નહીં !

ટૂર ઓપરેટર આ પરિસ્થિતિથી વાકેફ હોવાથી એણે સૂચના આપેલી કે સહેજ પણ તાવ-શરદી હોય એમણે 'મેટાસિન' જેવી દવા લઈ લેવી, જેથી ચીનાઓના ચેકિંગમાં વાંધો ન આવે.

અમારી સાથેના સાધુ પદ્મવલ્લભદાસજીનું શરીર આમ તો કાચા કોઠીબા જેવું ભારે નરવું ! પણ આ હેરાફેરી અને વજન ઊંચકવાને લીધે શરીરમાં થોડી ગરમી વધી ગયેલી, એટલે એમને તુરંત જ અલગ બેસાડી દેવામાં આવ્યા.

અમે બધા આગળ નીકળી ગયાં હતાં. અજાણ્યો મુલક, અજાણી ભાષા અને જમડા જેવી ચીની ઓફિસરોની જમાતમાં એ સાધુનું શું થશે ? એની ચિંતા ચિત્તને સતાવવા લાગી.

પદ્મવલ્લભદાસજીએ પોતાના હાથ-મોં ઉપર પાણીનાં ભીના પોતાં ફેરવ્યા, એટલે શરીરનું ઉષ્ણતામાન નોર્મલ થયું. ચીનાઓનો સ્વાઈન ફ્લુનો ડર દૂર થયો અને સાધુનો છૂટકારો થયો.

ડ્રેગનનું જ બીજું રૂપ છે. આ ચીની ડ્રેગન 'ફ્રેન્ડશિપ'ના નામે નેપાળને ભરખી જવાની તૈયારીમા છે.

ફ્રેન્ડશિપ હાઇવે

એક વાર આપણા દેશના કબૂતર ઊડાડનારા નેતાઓએ હિન્દી-ચીની ભાઈ-ભાઈનો છેતરામણો નારો આપેલો, પરંતુ આ ચીનાઓએ આપણને પીઠ પાછળથી ખંજર મારેલાં.'તું જ કાંઈક આ ફ્રેન્ડશિપ હાઈવેનું છે. વરુના મુખમાંથી દુર્ગંધ આવે એવી જ દુર્ગંધ આ 'ફ્રેન્ડશિપ' શબ્દમાંથી આવી રહી છે.

આ હાઈવે દ્વારા ચીનમાંથી સારો-નરસો ક્વાંય ન ચાલે એવો ઢગલાબંધ માલ આ ગરીબ દેશમાં ઠલવાઈ રહ્યો છે.

એકવર નેપાલના બજારો ભારતીય માલસામાનથી ઉભરાતા હતા, આજે 'ચાઈનીઝ પ્રોડક્ટ'થી નેપાળની બજારો છલકાઈ રહી છે.

એક બાજુ ચીન નેપાલનાં બજારો સર કરવા લાગ્યું છે, તો બીજી બાજુ ચીનના છૂપા પીઠબળવાળા માઓવાદીઓ નેપાળનાં રાજકારણને સર કરવા માડ્યા છે.

ધીરે ધીરે ચીન નેપાળનાં રાજકારણ અને અર્થકરણ ઉપર કબજો જમાવી રહેલ છે, જે ભારત માટે ભયંકર ખતરાની ઘંટી સમાન છે, છતાં દુર્ભાગ્યે ભારતીય રાજનેતાઓની કુંભકર્ણી ઊંઘ ઊડતી નથી.

નેપાલની ગરીબી માઓવાદીઓની આગને સતેજ કરવામાં સૂકાં ઈંધણનું કામ કરે છે.

હિન્દુ રાષ્ટ્ર નેપાલની ગરીબી હિન્દુસ્તાનને છાતીની ગૂમીની માફક ખૂચવી જોઈએ, માત્ર ધર્મનાં અફીણથી પ્રજાને લાંબો સમય જિવાડી શકાય નહીં

સવારે ચા સાંજે

અકિલા

તિબેટની શાબ્દિક યાત્રા
બર્ફીલી ભૂમિમાં સાધનાની હૂંફ

તાજેતરમાં ઈમેજ પબ્લિકેશન દ્વારા પ્રકાશિત થયેલ પુસ્તક દેવભૂમિ તિબેટની પ્રસ્તાવનામાં ઉત્પલ ભાયાણી લખે છે કે, તિબેટ અને ખાસ કરીને માનસરોવર આપણી સંસ્કૃતિમાં દેવભૂમિનું સ્થાન ધરાવે છે. માધવપ્રિયદાસજી જેવા વિદ્વાન સંત સ્વર્ગીય મનાતી પવિત્ર ભૂમિના યાત્રાપ્રવાસ અંગેના પોતાને અનુભવ થયેલા સંસ્મરણો લખે ત્યારે એનું આગવું મહત્વ હોય છે. ખરેખર ઐતિહાસિક સાંસ્કૃતિક સંદર્ભો સાથે એ વર્ણન કરે છે ત્યારે આપણા માટે આ દેવભૂમિ તિબેટ આધ્યાત્મિક, સાહિત્યિક અને સાસંકૃતિક યાત્રા બની જાય છે.

માધવપ્રિયદાસજી સ્વામી દેવભૂમિ તિબેટનું વર્ણન કરતા લખે છે કે, તિબેટ વિશ્વમાં 'રૂફ ઓફ ધ વર્લ્ડ' તરીકે અર્થાત્ વિશ્વના શિરચ્છત્ર તરીકે વિખ્યાત છે. તિબેટની સરેરાશ ઊંચાઈ ચાર હજાર મીટરથી વધારે છે.

તિબેટ ઠંડો રણપ્રદેશ છે. તિબેટમાં હિમધવલ પર્વતો છે, તો બરફ વિનાના બોડિયા પર્વતો પણ છે. તિબેટમાં માનસરોવર જેવાં મીઠાં પાણીનાં સરોવરો છે, તો કુદરતી મીઠું પકવતાં ખારાં પાણીનાં વિશાળ સરોવરો પણ છે. તિબેટના કૈલાસ-માનસરોવર ક્ષેત્રમાંથી સિંધુ, સતલજ, કરનાલી અને બ્રહ્મપુત્રા આ ચાર મહાનદીઓ નીકળે છે. નાની નદીઓ અને નિઝરણાઓની સંખ્યા અપરંપાર છે.

તિબેટ રણ ગણાય છે, પણ આ રણ મધ્ય એશિયાના રણો જેવું સૂકું રણ નથી. આ રણમાં ઠેકઠેકાણે રેતીને બદલે અખૂટ જળભંડારો ભર્યા છે. તિબેટ સુવર્ણ વગેરે અનેક કિમતી ધાતુનો અક્ષય ભંડાર છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે તિબેટની ભૂમિ ધર્મભૂમિ છે. તિબેટમાં ઠેર ઠેર બૌદ્ધ ધર્મના મઠો, તીર્થધામો અને વિહારો છે.

(અકિલા દ્વારા ખૂબ જ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે, જેના થોડા અંશો જ અહીં પ્રગટ કરી રહ્યા છીએ.)

બનાસકાંઠા અતિવૃષ્ટિ સહાય

સૃષ્ટિ સતત ત્રિવિધ તાપથી તપતી રહે છે. એમાં પણ આધિદૈવિક તાપ ઘણો કઠિન હોય છે. જેમાં એનેક લોકોને જીવ, સંપત્તિ, કુટુંબ, સમય વગેરે ગુમાવવા પડે છે. આ પણ એક ભગવાનની લીલા છે, એવું ધારીએ તો થોડું-ઘણું દુઃખ ઓછું થાય. કુદરતી કેર સામે મનુષ્ય લાચાર છે. ગમે એટલી સુરક્ષાઓ ખડી કરી હોય, પરંતુ કાળની એક થપાટ એ તમામ સુરક્ષાકવચો તોડી મોતનું તાંડવ રચે છે. આવું જ મોતનું તાંડવ બનાસકાંઠા જિલ્લામાં ખેલાયું. જેમાં અનેક લોકો તથા પશુઓના જીવ ગયા અને અનેક ગામો નાશ પામ્યા. લોકો પાસે પહેરેલા કપડા સિવાય કશું ન બચ્યું. ઉપર વરસતું આકાશ અને નીચે ગળા સુધીના પાણીમાં લોકો પાંચ-સાત દિવસ સુધી ભૂખ્યા-તરસ્યા ફસાયેલા રહ્યા. આવા ભયંકર કુદરતી પ્રકોપ સામે ઝઝુમતા લોકોની સહાય કરવી, એમના પેટનો ખાડો પૂરવો અને રહેવા આશરો આપવો એ જ તો ખરા સમયની સેવા છે. સમચાર મળતા સારાએ ગુજરાતમાંથી લોકો સેવામાં પહોંચી ગયા હતા, ત્યારે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ વીસ હજાર જેટલા ફૂટપેકેટ તથા પીવાના પાણીના પાઉચ તૈયાર કર્યા અને સંતો-ભક્તોની સાથે ઘટના સ્થળે પહોંચ્યા.

નજરે જોયું ત્યારે ખબર પડી કે જે સાંભળ્યું હતું તેનાથી કેટલીયે વધારે પરિસ્થિતિ ગંભીર હતી. કેટલાયે ગામો બેટમાં ફેરવાઈ ચૂક્યા હતા. ત્યાં સહાય પહોંચાડવી અશક્ય હતી, છતાં સાહસ કરીને સંતો નિરાધાર લોકો સુધી પહોંચ્યા અને ભૂખ્યા લોકોને ભોજન પહોંચાડ્યું. એ સમયે નિરાધાર લોકોની આંખો સાધુઓને જોઈ વરસી પડી. પગમાં પડી વિતેલી આપવીતી જણાવવા લાગ્યા. એમની પાસે અનાજ હતું, પણ ખવાય એવું નહોતું. એમની પાસે ચારેબાજુ પાણી હતું પણ પીવાય એવું નહોતું. કેટલાંય સંબંધીઓ લાપતા હતા, ઘર-પશું તણાય ગયા હતા, શરીર રોગગ્રસ્ત થઈ ગયા હતા. આવા સમયે સાધુઓ પાસે પણ આશ્વાસનના શબ્દો નહોતા ! છેવટે 'જેવી ભગવાનની મરજી' એવું કહી બને એટલી સહાય કરી સંતો-ભક્તો ભરેલા હૃદયે વિદાય લેતા ત્યારે ફરી એ અનેક આંખો નિરાધારપણાનો અહેસાસ કરતી જણાતી.

જ્યારે આભ ફાટે ત્યારે છત્રી શું કામ આવે ?! એવી જ કંઈક સ્થિતિ સંતોની હતી. સહાય કરીને પણ આપણે એમને શું આપી શકીએ ? પરંતુ હૃદયને થોડો સંતોષ થાય, ભગવાન શ્રીહરિ તથા ગુરુદેવ રાજી થાય એવો થોડો પ્રયત્ન કર્યો અને પુનઃનિર્માણમાં શક્તિ પ્રમાણે સેવાઓ કરવાના સંકલ્પ સાથે પાછા ફર્યા. વાત દેશ-વિદેશ પહોંચી. કેટલાંયે ભક્તજનોએ પૂજ્ય સ્વામીજી પાસે પુનઃનિર્માણની સેવામાં પોતાના સંકલ્પો જણાવ્યા. હજુ પણ ભક્તજનો આ સેવામાં જોડાય અને સમય આવ્યે સંસ્થા દ્વારા ખૂબ મોટું પુનઃનિર્માણનું કાર્ય થાય એ માટે પ્રયત્નો ચાલી રહ્યા છે. સહાય કરવા ઈચ્છતા લોકો ગુરુકુલમાં કાર્યાલયનો સંપર્ક કરે છે અને કરતા રહે, જેથી વધારે લોકો સુધી પહોંચી શકાય.

જ્ઞાનસત્ર-૪૧

સદ્‌ગુરુ ગુણાતીનાનંદ સ્વામી કહે છે, 'જ્ઞાન વિના કસર ટળે નહીં.' ધર્મ, ભક્તિ અને વૈરાગ્ય મોક્ષમાર્ગે ખૂબ ઉપયોગી છે, પરંતુ જ્ઞાન શ્રેષ્ઠ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભગવાન શ્રીકૃષ્ણ જ્ઞાનીભક્તને શ્રેષ્ઠ કહે છે. માટે જ મહારાજે તથા મોટા મોટા સદ્‌ગુરુઓએ જ્ઞાન પ્રાપ્તિ માટે કથા-વાર્તા અને સત્સંગ ઉપર વધારે ભાર મૂક્યો છે. એમાં પણ ગુણાતીત પરંપરામાં તો સતત કથાવાર્તાનો અખાડો જામેલો રહ્યો છે, જેના લીધે એકાંતિક સાધુઓ તો થયા છે, પરંતુ સામાન્ય લાગતા અનેક ખેડુત ભક્તો પણ કથાવાર્તાના જોગે કરીને એકાંતિક સ્થિતિને પામ્યા છે. એ ગરવી પરંપરાને જીવંત રાખતા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે બ્રહ્મસત્ર, જ્ઞાનસત્ર, શિબિરો જેવા આયોજન દ્વારા ગુરુકુલમાં કથાવાર્તાનો અખાડો જમાવ્યો હતો. એ પરંપરાનું એક સોપાન એટલે જ્ઞાનસત્ર, જેનો ભાગીરથી પ્રવાહ ૪૧ વર્ષથી અખંડ વહેતો રહ્યો છે. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદને આંગણે તારીખ ૧૦થી ૧૬ ઓગષ્ટ દરમિયાન જ્ઞાનસત્રના ૪૧માં સોપાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જ્ઞાનસત્ર દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ શ્રીમદ્‌ સત્સંગિજીવનની કથા અંતર્ગત ભગવાન શ્રી સ્વામિનારાયણના સુરત તથા ધરમપુરના ચરિત્રોની કથાનું રસપાન કરાવ્યું હતું. ઉપરાંત પૂજ્ય શાસ્ત્રી શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રી શ્રી શ્રુતિવલ્લભદાસજી સ્વામી તથા પૂજ્ય શાસ્ત્રી શ્રી સર્વમંગલદાસજી સ્વામીએ શ્રી ઘનશ્યામ મહારાજના બાલચરિત્રોની કથાનું શ્રવણ કરાવ્યું હતું.

વ્યાખ્યાનમાળા :- જ્ઞાનસત્ર દરમિયાન વચનામૃત દ્વિશતાબ્દિ વર્ષને ઉપલક્ષ્યમાં રાખીને યોજવામાં આવેલ વચનામૃત વ્યાખ્યાનમાળામાં પૂજ્ય ભંડારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય વિશ્વવિહારીદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામી, પૂજ્ય શામજીભગતે વિવિધ વિષયો ઉપર વખ્યાન આપ્યા હતા. ઉપરાંત ઋષિકુમાર હાર્દીક પંડ્યા તથા વૈભવ દેસાઈએ શ્રીજી મહારાજના મહિમાની વાતો કરી હતી. આ ઉપરાંત પ્રસંગોપાત્ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ જ્ઞાનસત્રાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

વચનામૃત સ્પર્ધા :- શ્રીજી મહારાજની પરાવાણી વચનામૃત ગ્રંથ પ્રત્યે બાલ-બાલિકાઓમાં રુચિ વધે તેવા હેતુથી વચનામૃતના આધારે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સત્સંગ મંડળની બાલિકાઓ તથા મહિલામંડળે વચનામૃતને આધારે દાદા ખાચરનો દરબાર, વડતાલ મંદિર, લખચોરાશી જેવા ક્રિએશનો તૈયાર કર્યા હતા. તથા શલાકા સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વચનામૃત કંઠસ્થ કર્યા હતા. યોજાયેલ સ્પર્ધામાં એકથી પાંચ ક્રમ પ્રાપ્ત કરનાર સ્પર્ધકોને સદ્‌ગુરુ સંતો તથા સાંખ્યયોગી બહેનોના હસ્તે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

રાત્રિ કાર્યક્રમ :- જ્ઞાનસત્રના રાત્રિ કાર્યક્રમોમાં અમદાવાદ ગુરુકુલ તથા દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામા આવેલો સાંસ્કૃતિક કાર્યક્રમ, ભજન સંધ્યા, મહિલામંચ, સિયાચીન જનજાગૃતિ અભિયાન વગેરે કાર્યક્રમોએ ભગવદ્‌ભક્તિ તથા દેશભક્તિના દર્શન કરાવ્યા હતા.

જ્ઞાનસત્ર દરમિયાન તારીખ ૧૫ ઓગષ્ટના રોજ સવારે ધામધૂમથી ગુરુકુલના પ્રાંગણમાં સ્વતંત્રતાપર્વની ઉજવણી કરવામાં આવી હતી. તથા આજે જ જન્માષ્ટમી હોવાથી રાત્રે પૂજ્ય સ્વામીજી તથા સંતોના સાનિધ્યમાં ભગવાન શ્રીકૃષ્ણનો પ્રાગટ્ય મહોત્સવ કીર્તન-ભક્તિ, રાસ, નૃત્યની રમઝટ સાથે ઉજવવામાં આવ્યો હતો.

SGVP દ્વારા દરવર્ષે મોટી સંખ્યામાં દીકરીઓને અભ્યાસ અર્થે વિદ્યાસહાય અર્પણ કરવામાં આવે છે, ત્યારે આ વર્ષે પણ ૧૬૦ જેટલી દીકરીઓએ સંસ્થા દ્વારા પ્રાપ્ત વિદ્યાસહાયનો લાભ લીધો હતો. તેઓને સાંખ્યયોગી બહેનોના હસ્તે વિદ્યાસહાયના ચેક અર્પણ કરી ગૌરીપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં કેટલીય દીકરીઓ મેડીકલ, સી.એ., એન્જિનિયર ક્ષેત્રે અભ્યાસ કરે છે, એ દરેક દીકરીઓને વર્ષ દરમિયાન થતો તમામ ખર્ચ સંસ્થા દ્વારા અપાય છે.

વિવિધ આયોજનોથી કંડારાયેલા આ જ્ઞાનસત્રમાં ભાગવતજી તથા સત્સંગિજીવનના સંહિતાપાઠ, અમૃતારોગ્યમ્ દ્વારા વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ વગેરેનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મોટી સંખ્યામાં ભક્તજનોએ લાભ લીધો હતો. આ ઉપરાંત અમરેલી, અમદાવાદ, દુધાળા, નાગપુર વગેરે સ્થાનોમાંથી સાંખ્યયોગી બહેનોએ પધારી બહેનોને સત્સંગ-કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

આમ સાત દિવસના ભક્તિસભર આ અનેરા ઉત્સવમાં સહુ સંતો-ભક્તોએ ખૂબ આનંદ સાથે જ્ઞાન-ભક્તિનું ભાથું ભર્યું હતું. આ જ્ઞાનસત્રના મુખ્ય યજમાન તરીકે ગુરુકુલના અનન્ય સેવક પ.ભ. શ્રી ભુપતભાઈ ધીરૂભાઈ ખુંટ પરિવાર તથા પ.ભ. શ્રી વસંતભાઈ ભાણજીભાઈ દેત્રોજા પરિવારે લાભ લીધો હતો. જ્ઞાનસત્રનું લાઈવ પ્રસારણ સદ્‌વિદ્યા ચેનલ ઉપર કરવામાં આવ્યું હતું.

ઇન્ટર ફેઇથ સંવાદ - મ્યાનમાર

જાપાન ફાઉન્ડેશન તથા વિવેકાનંદ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા મ્યાનમારના રંગુન શરેહમાં તારીખ ૫-૬ ઓગષ્ટ દરમિયાન ઈન્ટર ફેઈથ સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પરસ્પર ધાર્મિક વૈમનસ્ય દૂર થાય, સામાજિક સમરસતા જળવાઈ રહે તેવા હેતુંથી યોજાયેલ આ સેમિનારાયમાં બૌદ્ધ સંસ્થા દ્વારા કરવામાં આવેલ આ આયોજનમાં હિન્દુ, બૌદ્ધ, શિખ, મુસ્લિમ, ક્રિશ્ચન, જૈન વગેરે ધર્મોના ૩૨ દેશોના વડાઓ હાજર રહ્યા હતા. જેમાં પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય પરમાત્માનંદજી મહારાજ (રાજકોટ), મહામંડલેશ્વર પૂજ્ય અવધેશાનંદજી મહારાજ (હરિદ્વાર), પૂજ્ય મુનિજી મહારાજ (પરમાર્થ નિકેતન-ઋષિકેશ), મહામંડલેશ્વર પૂજ્ય વિશ્વેસ્વરાનંદજી મહારાજ, પૂજ્ય નિર્મલાનંદજી મહારાજ (આદિ ચુનચુનગીરી-કર્ણાટક), સ્વામી શ્રી બ્રહ્મેશાનંદજી મહારાજ (ગોવા), પૂજ્ય ગોવિંદદેવગીરીજી મહારાજ (પુના), પૂજ્ય કૃષ્ણમણિજી મહારાજ (જામનગર), પૂજ્ય સ્વામી મિત્રાનંદજી મહારાજ (ચિન્મયા મિશન) વગેરે મહાપુરુષો પણ ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસના આ સંવાદસત્રમાં બધા જ ધર્મોના ધર્મગુરુઓ, દેશના વડાઓએ સંબોધનો કર્યા હતા. આ પ્રસંગે ખાસ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા જાપાનના વડાપ્રધાને વીડીયો કોન્ફરન્સ દ્વારા સંબોધન આપ્યું હતું. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજી તથા ગવર્નર શ્રી રામ નાઈક તથા મ્યાનમારના મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શિવકથા તથા અભિષેક : સવાનાહ ગુરુકુલ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ દ્વારા સંચાલિત તથા પરમ પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામીના માર્ગદર્શન સાથે અમેરિકાના સવાનાહ ખાતે શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર કાર્યરત થયું છે. શ્રાવણ મહિના દરમિયાન પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી અહીં દર્શનમ્ના ઋષિકુમાર શાસ્ત્રી શ્રી અજય પંડ્યાના વ્યાસાસને શિવપુરાણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચ દિવસની આ કથામાં ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તજનો કથાશ્રવણ કરવા પધારતા હતા. આ ઉપરાંત નિત્ય શિવજીના અભિષેકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવાનાહ તથા આજુબાજુના શહેરોમાં વસતા ભારતીય પરિવારો ઉપરાંત અમેરિકન ભક્તો પણ દરરોજ દર્શન-અભિષેક કરવા પધારતા હતા. હાલ પૂજ્ય ધર્મપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામી તથા અજય પંડ્યા ભક્તજનોને તથા નાના નાના બાળકોને ભારતીય સંસ્કારોથી રંગી રહ્યા છે.

સત્સંગ યાત્રા : યુ.કે.

હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર, બોલ્ટન :- ૧૪ થી ૧૬ જુલાઈ દરમિયાન બોલ્ટન ખાતે ત્રિદિનાત્મક હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારનું આયોજન થયું. આ સેમિનાર દરમિયાન પૂજ્ય સ્વામીજીએ 'મંદિર, મંત્ર, મૂર્તિ, માતા-પિતા અને મહાપુરુષ' આ પાંચ વિષયને આધારે અનુસરણીય વ્યાખ્યાન આપ્યા હતા. પૂજ્ય સ્વામીજીની સાથે પધારેલા નાના સંતોએ વિવિધ વિષયોને આધારે પ્રેઝન્ટેશન કર્યા હતા. સેમિનારના અંતિમ દિને પ્રભાતે સમૂહ મહાપૂજા દ્વારા ભગવદ્ પૂજન કરવામાં આવ્યું હતું.

શ્રીમદ્ ભાગવત કથા પારાયણ, કાર્ડિફ :- ૨૧ થી ૨૭ જુલાઈ દરમિયાન વેલ્સ, યુ.કે. ખાતે આવેલ કાર્ડિફ શહેરમાં પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના વ્યાસાસને શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી કચ્છ લેવા પટેલ સમાજના ભાવિક બહેનોએ મુખ્ય યજમાન તરીકે લાભ લીધો હતો, જ્યારે કમિટીના તમામ સભ્યો, ટ્રસ્ટીશ્રીઓ તથા ભાવિક ભક્તજનોએ ખૂબ જ ઉત્સાહથી આ કથાના એક એક પ્રસંગોને ખૂબ જ શોભાવ્યા હતા. નાનકડા સમુદાયની અનોખી ભક્તિએ કથા દરમિયાન ખૂબ જ દિવ્યતા સભર મહોત સર્જ્યો હતો. શ્રીરામ પ્રાગટ્યોત્સવ, શ્રીકૃષ્ણ પ્રાગટ્યોત્સવ, અન્નકૂટોત્સવ, ગોવર્ધનલીલા વગેરે પ્રસંગો ધામધૂમપુર્વક ઉજવાયા હતા.

યુથ કેમ્પ :- તા. ૨૮ થી ૩૦ જુલાઈ દરમિયાન યુથ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. યુ.કે.ના વિવિધ વિસ્તારોમાંથી નાના નાના બાળકો તથા યુવાનો આ કેમ્પનો લાભ લેવા આવ્યા હતા. પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં યોજાએલ યુથ કેમ્પમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં પ્રેઝન્ટેશન, આર્ટ એન્ડ ક્રાફ્ટ, વિવિધ પ્રકારની રમતો, ફાયર કેમ્પ, રાસોત્સવ, પ્રશ્નોત્તરી, યોગાસન, ધ્યાન તથા માનસીપૂજા જેવા અનેક ધાર્મિક તથા આનંદ પ્રેરક કાર્યક્રમોનું આયોજન થયું હતું. આ કેમ્પ આવેલા બાળકોએ કેમ્પની પૂર્ણાહુતિ પ્રસંગે દરરોજ પૂજા કરવી, માતા-પિતાને વંદન કરવા તથા સંતોના નિત્ય સંપર્કમાં રહેવાના સંકલ્પો કર્યા હતા.

ગુરુકુલ દર્શન - મહિલા વિશેષાંક અંગે...

- બહેનો ભક્તો દ્વારા લખાયેલા લેખોનો ગુરુકુલ દર્શનનો વિશેષાંક સપ્ટેમ્બર મહિનામાં પ્રકાશિત કરવાનું નિર્ધાર્યું છે.
- મેગેઝીનમાં લેખ આપવા ઈચ્છતા બહેનોએ બે થી ત્રણ ફૂલસ્કેપમાં (૫૦૦ શબ્દોમાં) લેખ લખવાનો રહેશે. - આપનો લેખ નીચેના વિષયોને આધારે લખી શકાશે. - આપનો લેખ ૮ સપ્ટેમ્બર સુધીમાં નીચેના સંપર્ક સૂત્રો દ્વારા ગુરુકુલ પહોંચાડવાનો રહેશે. - આવેલા લેખોમાંથી પસંદગી પામેલા લેખ જ મેગેઝીનમાં પ્રકાશિત કરવામાં આવશે. - આપના લખેલા લેખ અંગે વિશેષ જાણકારી માટે સંપાદક સમિતિ આપનો સંપર્ક કરી શકશે અથવા તેઓને લાગતા યોગ્ય સુધારા કરી શકશે. - આપના લેખની સાથે લેખિકાનું નામ, શહેરનું નામ તથા સંપર્ક નંબર લખવાનો રહેશે. : વિશેષ માહિતી માટે સંપર્ક : મહિલા મંડળ : ૯૬૮૭૬૧૫૦૩૦

લેખના વિષયો :- અર્ધનારીશ્વર, ધન્ય ગૃહસ્થાશ્રમ, ઘર બને એક મંદિર, સંસ્કારદાત્રી ગૃહિણી, સત્સંગી પતિવ્રતાનારી, વર્તમાન સમયે નારીધર્મ, આધુનિક સંસ્કાર ગૃહિણી, સત્સંગ અને સંતાનોના સંસ્કાર, સન્નારીની ફરજો અને જવાબદારીઓ, મારા ભગવાન-મારી સંસ્થા- મારા સંતો. : લેખ મોકલવા માટે ઈ-મેઈલ : **mahilamandal@sgvp.org**

લેખ મોકલવા માટે સરનામું : ગુરુકુલ દર્શન કાર્યાલય / મહિલા મંડળ. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ : ૩૮૦૦૫૨

શ્રદ્ધા સુમન



અ.નિ. પ.ભ. શ્રી કાંતિભાઇ માણેકચંદભાઇ ગાંધી :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના ટ્રસ્ટી અને એકાંતિક ભક્તરાજ મુંબઈ નિવાસી શ્રી કાંતિભાઈ ગાંધી તારીખ ૫, ઓગષ્ટના રોજ અક્ષરવાસી થયા છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના સમયથી ગાંધી પરિવારે ગુરુકુલ અને સત્સંગની ખૂબ સેવાઓ કરી મોટા સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો છે. કાંતિભાઈ ગાંધીએ જીવનના છેલ્લા શ્વાસ સુધી નિષ્ઠાપૂર્વક ગુરુકુલની સેવા કરી ગુરુદેવ તથા સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. કાંતિભાઈની સત્સંગ-ભજનરૂચી, તપરૂચી અને દેવદર્શનની રૂચી ખૂબ જ શ્રદ્ધા અને ભક્તિથી ભરેલી હતી. ગુરુકુલમાં યોજાતા બ્રહ્મસત્ર, જ્ઞાનસત્ર, શિબિરોમાં હંમેશા હાજરી આપતા અને સાધુ જેવું જીવન જીવી ભગવાનને રાજી કરવા પ્રયત્નો કરતાં. ભગવાને એમને ખૂબ સંપત્તિ આપી હતી, સાથે સાથે દાસપણું પણ એમનામાં ભરપૂર હતું. ગુરુકુલ અને સંતો પ્રત્યેની એમની નિષ્ઠા માથાસાટે હતી. કાંતિભાઈએ પોતાના આ સંસ્કારો પોતાના કુંટુંબમાં પણ આપ્યા છે. ગુરુકુલના આ અદના સેવકના અક્ષરવાસથી સમગ્ર ગુરુકુલ પરિવાર મહારાજને પ્રાર્થના કરે છે. કાંતિભાઈના અક્ષરવાસના સમાચાર સાંભળી પૂજ્ય બાલકૃષ્ણસ્વામી વગેરે સંતો મુંબઈ પધાર્યા હતા અને એમના પાર્થીવદેહનું પૂજન-અર્ચન કર્યું હતું. આ ઉપરાંત શ્રદ્ધાંજલી સભામાં પણ સંતો પધાર્યા હતા અને શ્રદ્ધાસુમન અર્પણ કરી ગાંધી પરિવારને આશ્વાસન આપ્યું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણ કાંતિભાઈના પવિત્ર આત્માને પોતાનું અખંડ સુખ અર્પે તથા તેમના પરિવારજનો સુપુત્રો શ્રી યોગેશભાઈ, ધર્મેન્દ્રભાઈ, મનોજભાઈ, ભાવેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી બ્રિજેશભાઇ જેન્તિભાઇ પટેલ :- અમદાવાદ નિવાસી તથા ગુરુકુલના પ્રારંભકાળથી સતત નિષ્ઠાથી સેવા બજાવતા પ.ભ. શ્રી જેન્તિભાઈના સુપુત્ર શ્રી બ્રિજેશભાઈ ૪૧ વર્ષની ઉંમરે ૨૬ જૂલાઈના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. જેન્તિભાઈ અને એમના પરિવાર ગુરુકુલમાં પોતાના તન-મન-ધનથી સમર્પિત છે. વર્ષોથી એકધારી નિષ્ઠાથી ભરેલી સેવાથી સદ્‌ગુરુ સંતો એમના પરિવાર ઉપર ખૂબ રાજી છે. ભગવાનમાં અતિ હેતવાળા અને મહિમાથી ભરેલા આ પરિવારનું સમર્પણ અજોડ છે. સંતોના ખોળામાં ઉછરેલા બ્રિજેશભાઈના અકાળે અવસાનથી સમગ્ર ગુરુકુલ પરિવાર ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરે છે કે બ્રિજેશભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા પિતાશ્રી જેન્તિભાઈ, સુપુત્ર ધ્રુવ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે.

અ.નિ. શ્રી સવિતાબેન માધુભાઇ પીપળીયા :- રાજકોટ નિવાસી પ.ભ. શ્રી માધુભાઈ પીપળીયાના ધર્મપત્ની શ્રી સવિતાબેન તારીખ ૧૧ ઓગષ્ટના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ સવિતાબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા માધુભાઈ, હર્ષદભાઈ, મહેશભાઈ, અતુલભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

છારોડી ગુરુકુલ

પ.ભ. શ્રી જલયકુમાર એસ. ચૌધરી, બાયડ
પ.ભ. શ્રી અર્પિતકુમાર બાબુભાઈ ગોરસિયા, ગાંધીનગર
પ.ભ. શ્રી કાંતિલાલ જમનાદાસ વાઘડિયા, અમદાવાદ
પ.ભ. શ્રી રક્ષિતકુમાર ભરતભાઈ પટેલ, સુરેન્દ્રનગર

અમદાવાદ ગુરુકુલ

પ. ભ. શ્રી નરેશભાઈ દેવશીભાઈ ચૌહાણ, અમદાવાદ
પ. ભ. શ્રી પ્રદિપભાઈ લાલજીભાઈ સાવલિયા, દાતરડી
પ. ભ. શ્રી મનસુખભાઈ ભગવાનભાઈ લકુમ, અમદાવાદ
પ. ભ. શ્રી વિપુલભાઈ ગોવિંદભાઈ વેકરીયા, હિરાવા
પ.ભ. શ્રી વાસુદેવભાઈ હસમુખભાઈ સુહાગીયા
પ. ભ. શ્રી ડૉ. મિનેશભાઈ રમેશચંદ્ર શાહ, અમેરિકા
પ. ભ. શ્રી અશોકભાઈ શામજીભાઈ કણજરીયા, અમદાવાદ
પ. ભ. શ્રી નારાયણભાઈ વેકરિયા, મોમ્બાસા
પ. ભ. શ્રી જયપ્રકાશ કનૈયાલાલ કડીયા, અમદાવાદ
પ. ભ. શ્રી જનકભાઈ રણછોડભાઈ કોશીયા, અમેરિકા

આગામી આયોજન

તા. ૨/૯/૧૭, શનિવાર : **જળઝીલણી એકાદશી :** જળઝીલણી મહોત્સવ, સવારે ૯:૦૦ થી ૧૨:૦૦, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર.
તા. ૩/૯/૧૭, રવિવાર : **સુહૃદસભા :** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.
તા. ૧૬/૯/૧૭, શનિવાર : **ઇન્દિરા એકાદશી:** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.
તા. ૨૯/૯/૧૭, શુક્રવાર : **શ્રીહરિ જયંતી :** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક, રાજોપચાર પૂજન તથા આમ્રોત્સવ, મેમનગર ગુરુકુલ

સત્સંગયાત્રા યુ.કે. દરમિયાન કાર્ડિફ, બોલ્ટન તથા યુથ કેમ્પમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, સંતો-ભક્તો-યુવાનો

જ્ઞાનસત્ર દરમિયાન વિદ્યાસહાય અર્પણ કરનારા ભક્તજનોનું સન્માન કરતા સદ્‌ગુરુ સંતો

જ્ઞાનસત્રના મુખ્ય યજમાનશ્રીઓ શ્રી ભુપતભાઇ ખુંટ તથા વસંતભાઇ દેત્રોજાના પરિવારને આશીર્વાદ પાઠવતા પૂજ્ય સદ્‌ગુરુ સંતો

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે યોજાયો ૪૧મો ભવ્ય અને દિવ્ય જ્ઞાનસત્ર

ધ્વજવંદન કાર્યક્રમ

વચનામૃત ચલાકા સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓ

વિદ્યાસહાય પ્રાપ્ત કરનાર બહેનો

વચનામૃત ક્વિઝેશન સ્પર્ધાનું નિરિક્ષણ કરતા સંતો

સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરતી બહેનો

યજમાન પરિવારના બહેનો

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat